# કરામાતે હુસૈન ટેકરી
# કાણોદર



# કરામાતે હુસૈન ટેકરી

## કાણોદર

પ્રકાશક :- અંજુમને મશહદી,
મુ.પો. કાણોદર, તા. પાલનપુર (બ.કાં.)
પીનઃ ૩૮૫ ૫૨૦. ઉ.ગુજરાત. ઈન્ડીયા.

આવૃતિ :- પ્રથમ

સર્વ હક્ક પ્રકાશકને આધિન

# મોલવી રાજમોહંમદ ડોસન સુણસરા
# (આર.ડી. મશહદી)



**જન્મ : ૧૯૦૨** **મૃત્યુ : ૧૯૭૩**

ઉપરોક્ત ફોટાવાળી વ્યક્તિ કે જેણે પોતે તથા પોતાના સમાજને નેકી તરફ વાળવા ખૂબ-ખૂબ જદ્દો જેહદ કરી. તથા હુસૈન ટેકરી કાણોદર અને કાજી નુરૂલ્લાહ શુસ્તરી (અ.ર.) આગ્રા પ્રત્યે લોકોને રગબત અપાવવાની કોશીષ કરી તથા સાચો પરિચય કરાવી લોકોને તે તરફ આકર્ષિત કર્યા તેમને આ કિતાબ અર્પણ કરવામાં આવે છે.

## પ્રસ્તાવના

અલ્લાહના નામથી જે રહેમાન અને રહીમ છે. અલ્લાહ સુબ્હાનહુએ તેની મખલુકાતના સર્જન પછી હીદાયત અને રહેનુમાઈ માટે જે પાક-પાકીઝા નબીઓ અને ઉચ્ચ મર્તબાવાળા પયગંબર મોહંમદ (સ.અ.વ.) અને માસુમ ઈમામો નો જરીયો જે આપણા સુધી કાયમ કર્યો તેનો એહસાન-શુક્ર આપણે સંપુર્ણ પણે ક્યારેય અદા કરી શકવાના નથી.

એ અહેસાન અને શુક્રની અદાયગીની એક ફરજ રૂપે આપણે એ માસુમ અ.સ. ના ફઝાયેલ અને તેમના આલી મર્તબાનો આપણે જીક્ર કરીએ તો તે કાર્ય અલ્લાહની આપણાં ઉપર નાજીલ થયેલી નેઅમતો (મહેરબાનીઓ) ના શુક્ર ના ભાગ રૂપે જણાશે.

મોહંમદ સ.અ.વ. ના જીવનકાળ દરમ્યાન અને એમના બાદ બાર ઈમામોના જીવનકાળ દરમિયાન ઈન્સાનીયતની સામે જ્યારે જ્યારે કોઈપણ પ્રકારની તકલીફ યા મસાઈલ ચાહે તે દુન્યવી હોય યા દીની, જીસ્માની યા રૂહાની તમાંમ પ્રકારની તકલીફ મસાઈલ ના ઉપાય માટે જે તે સમયના ઈન્સાનો મોહંમદ સ.અ.વ. અને તેમની અહેલેબૈત અ.સ. ના દરવાજા ઉપર હંમેશા મદદની આંસ લગાવે છે અને યકીનની સાથે હરેક હાજત તલબ કરવાવાળાની તે દર ઉપરથી હાજત અવશ્ય પુરી થયેલ છે.

આ કિતાબ '' કરામાતે હુસૈન ટેકરી-કાણોદર'' માં પણ આ જ વિષયને બયાન કરવામાં આવે છે. આ કિતાબમાં જે કરામાતો લખવામાં આવેલ છે તે કરામાત મર્હુમ મોલવી રાજમોહંમદ સુણસરા (આર.ડી. મશહદી) જેઓનું જીવન ઝરમર પછીના પેજ ઉપર આવશે. તેઓ આ કરામાતને પોતાની ડાયરીઓમાં ઈ.સ. ૧૯૬૦ ના દશકાના સમય દરમ્યાન લખે છે. અને તમામ કરામાતોની તેઓ તહેકીક કરીને લખેલ છે.

મોલવી રાજમોહંમદ સાહેબ ની એક દીલી તમન્ના હતી કે આ કરામાતો જે અલગ અલગ નોટોમાં લખેલ છે તેને એક સરસ બુકના રૂપે છપાવવામાં આવે જેથી આ મરકઝ (હુસૈન ટેકરી-અબ્બાસ ટેકરી) ની ઝીયારત માટે આવતા માણસોને એ હસ્તીઓની અને આ જગ્યાની સાચી મારેફત થાય. તેમજ તેમનાથી હરેક હાજત તલબ કરવાવાળો પોતાની હાજત આ દર ઉપરથી પુરી કરી શકે. જેથી આ કિતાબમાં શક્ય તેટલી કરામાતો, મજલીસે શોહદાએ કરબલા અને મુનાજાત નું સંકલન કરવામાં આવે છે.

તો અય મારા દીની ભાઈઓ-બહેનો લગભગ ૪૦ વર્ષ અગાઉ એક નેક ઈન્સાનના કરેલા કાર્યો (ડાયરી નોંધ) માંથી આપની સમક્ષ આ કિતાબ રજુ કરવાની જે તૌફીક અલ્લાહ સુબ્હાનહુ એ અતા કરી છે તેનો ખુબજ શુક્રીયા અદા કરીએ છીએ. તેમજ આ કિતાબ દ્વારા આપ અહેલેબૈત અ.સ.ની સાચી મારેફત મેળવો જે અંતમાં અલ્લાહની સાચી મારેફત મેળવવાનો જરીયો છે. જેના દ્વારા આપણે આપણી દીની અને દુનિયાની કામીયાબી હાસિલ કરીએ એવી નેક દુઆ સહ.....

**અંજુમને મશહદી, કાણોદર**

## મઝહબે હક ઉપર અકીદો મજબુત થવાનું કારણ મોલવી રાજમોહંમદ સુણસરાના પોતાના શબ્દોમાં

મારી એટલે આર.ડી.મશહદીની જવાનીના વખતમાં ઈસ્લામ પ્રત્યે કોઈ ખાસ દીલચસ્પી ન હતી. આપણા મજહબના પુસ્તકોનું વાંચન ન જેવું હતું તેની જગ્યાએ ગુજરાતી નોવેલોનું વાંચન મને વધારે હતું કારણ કે હું મુંબઈમાં જે દૂધની દુકાને નોકરી કરતો હતો ત્યારે ગુજરાતી ભાષાની નોવેલો વાંચવાનો શોખ હતો.

અચાનક હું બિમાર પડી ગયો અને આ બિમારીના કારણે મારે મુંબઈથી પોતાના વતન કાણોદરમાં આવવું પડ્યું. બિમારીને દુર કરવા માટે મે ઘણાજ ઈલાજ કર્યા પરંતુ મારી બિમારી એટલી વધી ગઈ હતી કે કોઈ દવા મને અસર કરતી ન હતી એથી મારૂ બચવું મુશ્કીલ હતું લોકો તો એમ પણ વાતો કરતા હતા કે હવે હું બચીશ નહી. તેવામાં મારો જુનો મિત્ર મોમિન અલીમોહંમદ કરીમદ શેરશીયા કે જેઓ પોતાની જવાનીના વખતથી જ પરહેઝગાર હતા તેઓએ મને સલાહ આપી કે જ્યારે તમારી આ બિમારી નો ઈલાજ ડાક્ટરોની દવાથી થતો નથી અને તમારી બિમારી લા ઈલાજ થઈ ગઈ છે તો તમો હાજી ગુલામઅલી (હાજી-નાજી) એ લખેલ ''કન્ઝે મખ્ફી'' નામની કિતાબમાં લખેલ ખ્વાબનો અમલ કરો. એ અમલ કરવાથી તમોને ખ્વાબમાં જવાબ મળી જશે. જો કે આવી બધી બાબતો પ્રત્યે મને દીલચસ્પી ન હતી. પરંતુ મારી બિમારીના કારણે મે તે ખ્વાબનો અમલ કર્યો.

તે ખ્વાબના અમલમાં મે જોયુ કે હું એક ટેકરા ઉપર બેસી જમીન ખોદતો હતો તેવામાં તે ટેકરાની કીનારાની ભેખડ પડવાથી હું નીચે દટાઈ ગયો અને મારા ઉપર એટલી માટી પડી હતી કે મારૂ બચવું મુશ્કેલ હતું. પરંતુ પડતાં પડતાં મે મૌલા મુશ્કીલ કુશાને મદદ માટે પુકાર્યા. તેથી મારા સગાવહાલાઓ આવી મારા ઉપરથી એ માટી હટાવી અને મને કંઈપણ નુકશાન થયું નહી અને હું બચી ગયો.

તે વખતે મને ખ્વાબની તાબીરનું જ્ઞાન ન હતું તેથી કાણોદર ગામમાં નવગાવાના સૈયદ મોહંમદતકી મોલવી (પેશ નમાઝ) હતા તેમને ખ્વાબની તાબીર પુછી તો તેમણે તાબીર બતાવી કે તમો મદદ માટે હઝરત અલી અ.સ. ને પોકારો જેથી હું મૌલાથી મદદ માગવા માટે ''આફત મે હું ફસા મુજે મૌલા બચાઈએ'' વાળી મનકબત રીક્કતથી પઢવા લાગ્યો. જો કે મને ઈસ્લામી કરામતોનો તે વખતે અનુભવ ન હતો પરંતુ મારી પરિસ્થીતી એવી હતી કે ખુદ બ ખુદ રીક્કત થાય. એક તરફ સખ્ત બિમારી બીજી તરફ પૈસાની તંગી ત્રીજી તરફ જવાની ની હાલતમાં મારી પત્ની ને મારા ઘરે આવવાનો વખત.

ખૈર તે મનકબત અમુક દીવસ પઢી તેથી ફરી એક રાત્રે હું ખ્વાબમાં જોયું કે એક વિરાન જંગલમાં એવી જગ્યાએ કે જ્યાં કોઈ માણસ ન હોય ત્યાં એક પાણી વગરનો જુનો કુવો છે અને તે કુવામાં હું બેઠો છું અને હું બેઠા બેઠા વિચાર કરૂ છું કે હું એવી જગ્યાએ છું કે અગર હું કોઈને અવાજ આપું તો મારો અવાજ કોઈ સાંભળી શકશે નહી અને મને કોઈની મદદ મળશે નહીઅને આજ હાલતમાં આ કુવામાં મારૂ મૌત આવશે તે વિચારોથી હું ગભરાઈ ગયો અને મૌલા મુશ્કીલકુશા હ. અલી અ.સ. ને મદદ માટે પુકારવા લાગ્યો. અચાનક મે જોયુ કે એક ગૈબી નુરાની હાથ આવ્યો અને તે હાથ મને પકડીને કુવાની બહાર મુકી દીધો આ ખ્વાબના જોયા બાદ તેનીજ સવારે મારી તબીયત એકદમ કોઈપણ ઈલાજ કર્યા વગર સુધરેલી જોઈ અને મે પોતાને રૂપિયામાં ચૌદ આના તંદુરસ્ત જોયો મારા જીવનમાં બનેલી આ અદ્‌ભુત કરામતથી મારા દિલમાં ઈત્મીનાન થયું અને મજહબ પ્રત્યે મારો અકીદો પણ પાકો થયો.

ત્યારબાદ હું આપણા મજહબના ગુજરાતી ભાષાનોં પુસ્તકો વાંચવા શરૂ કર્યા જ્યારે ગુજરાતી પુસ્તકો વાંચી લીધા તેના બાદ ઉર્દુ તેમજ ફાર્સી ભાષાનાં પુસ્તકો વાંચવા શરૂ કર્યા અને મે ઈસ્લામની ઈલ્મ હાસીલ કરવામાં ખુબજ પ્રગતિ કરી અને મારી જાત ને તકવા અને પરહેજગારના આભુષણોથી સુશોભીત કરી.

મઝહબી કિતાબોના વાંચન કરવાથી મારામાં ઈલ્મનો વધારો થયો તેથી હું. જબાની તબલીગ કરવા મઝલીસો પઢવા લાગ્યો. મારી મઝલીસો સાંભળીને મોમિન નુરભાઈ વલી સુણસરાને શોખ થયો કે મને લખનૌ દીની તાલીમ લેવા મોકલે. તેમની કોશીષથી મારે લખનૌ તાલીમ લેવા જવાનું થયું અને હું લખનૌ જઈ આલીમ બનવા માટે ઈલ્મ હાસિલ કર્યું. પરંતુ મારે મારી અમુક તકલીફોના કારણે કાણોદર પાછા આવવાનું થયું. આ અરસા દરમ્યાન હું દરરોજ ઝિયારતે વારેસા અને જુમ્માના દિવસે ઝિયારતે આશુરા નિયમીત પઢતો હતો તેની બરકતથી મને ઘણી રાહત મળી હતી.

પરંતુ મને મઝહબી તાલીમ લેવાની ખુબજ જરૂરત જણાતી હતી અને હું વિચારતો હતો કે મારે શું કરવું અગર તાલીમ લેવા જાઉ છુ તો આ રાહત અને સુકુનવાળી જીંદગી છોડી દેવી પડશે અને તકલીફોનો સામનો કરવો પડશે. આ વિચારોમાં હું હંમેશાં ખોવાયેલો રહેતો હતો. તેવામાં એક રાત્રે મે ખ્વાબમાં જોયું કે હ.ઈ. ઝમાના અ.સ. થી મારી મુલાકાત થઈ અને તેઓથી હું અમુક સવાલો કર્યા તેમને હું પુછ્યુ હતું કે મારે શું કરવું. ઈલ્મ હાસિલ કરવા જવું કે ન જવું તે હું નક્કી કરી શકતો નથી. તો તે સાહેબ અ.સ.એ જવાબ આપ્યો કે ''ઈલ્મ હાસિલ કર

અને અમલએ સાલેહ બજાવી લાવવાનું કહ્યું''

આ ખ્વાબ જોયા બાદ હું લખનૌ જઈ ઈલ્મ હાસિલ કરવાનો ઈરાદો કર્યો આ સમયે મારી ઉંમર લગભગ ૩૫ વર્ષની હતી હું ફરીથી લખનૌ જઈ ઈલ્મ હાસિલ કર્યુ. બહરહાલ મારે જેટલું જરૂરી ઈલ્મ હાસિલ કરવાનું હતું તેટલુ ઈલ્મ હાસિલ કરી અને મદ્રસએ નાઝમીઆના પ્રીંસીપાલ જનાબ મૌલાના સૈયદ મુફ્તી અહમદ સાહેબ મુજતહેદુલ અસ્રથી પેશ નમાઝીનો ઈઝાઝો મેળવી હું વતનમાં પાછો આવ્યો અને લોકોને અમલએ સાલેહ બજાવી લાવવા તરફ દાવત આપવાનું કાર્ય શરૂ કર્યુ.

આર.ડી. મશહદીએ તા. ૨૩-૩-૬૩ ના શેઠ હાજી મોહંમદ હુસૈન સાહેબને લખેલ પત્રમાં જણાવ્યા મુજબ હું (આર.ડી.મશહદી) ખુદાના ઉપર ભરોસો કરી કાણોદરમાં અરબી તાલીમ માટે મદ્રેસો ખોલ્યો છે જેને શરૂ કરે લગભગ દોઢ વરસ થયું છે. જેમાં મે જાતે રૂપિયા ૧૨૦૦/- ની મદદ કરેલ છે. અને અલ્લાહની ખુશી માટે મે આ મદ્રેસો શરૂ કરેલ છે. તો આપને આ કામમાં મદદ કરવા મારી નમ્ર ગુજારીશ છે

**લિ. આર. ડી. મશહદી**

**તા. ૧૩/૦૮/૧૯૬૬**

**કરામતઃ- ૧**

## ઈ. હુસૈન અ.સ. ના રોઝાની તામીર

આજથી ૧૦૦ વર્ષ પહેલાં એટલે કે માહે મોહર્રમની ૯ મી તારીખે ૧૯૦૬ ના વર્ષમાં માનનીય નવાબ સાહેબ, પાલનપુર તરફથી એક તાજીયા અને અલમ મુબારક અઝાદારી અર્થે કાણોદર મોકલવામાં આવ્યા હતા. તે સાથે ગામમાં શાંતી જોખમાય નહી તે મકસદથી હવાલદાર શ્રી જગતાજી ડાંગીયાવાળાને સાથે રક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા તેઓના સહકારથી તાજીયા અને અલમ મુબારકનું ઝુલુસ ગામમાં ફેરવવામાં આવ્યું હતું અને માતમી દસ્તાઓ સાથે ગામ બહાર લઈ જઈને જનાબ નાથુ માકણોજીયાના ખેતરમાં એક ઉંચા ટીંબા ઉપર ઠંડા કરવામાં આવ્યા (જ્યાં હાલ ઈ. હુસૈન અ.સ. નો રોઝો છે). આ ખેતરની જગ્યા એટલી બધી મોઅતબર અને બરકતવાળી સાબિત થઈ કે ત્યાં અવાર નવાર રોશની અને મોઅજીઝા થવા લાગ્યા.

જનાબ મર્હુમ મોમિન વલીભાઈ અલીમદ ચૌધરી પોતાની નોંધપોથીમાં

લખે છે કે ઈ. ૧૯૬૫ માં મારી ઉમ્ર ૭૨ વર્ષની થઈ હતી આજથી ૫૬ વર્ષ પહેલાં હું જવાનીની હાલતમાં હતો. એ અરસામાં એક રાત્રે ઉમરદશી સ્ટેશનથી કાણોદર ગામમાં આવવા માટે હું તેમજ ડોસન રાજેમદ શેરશીયા, મીરાંજી અલજી હસનવાલા, હસનભાઈ ડોસન સલેમા વિગેરે સાથે રવાના થયો. રસ્તામાં મજહબી વાતો કરતા હતા અને કરબલાના બનાવની વાતો તાજી કરતા હતા. જ્યારે અમો આ ટીંબા વાળી જગ્યા પાસે આવ્યા જ્યાં તાજીયા ઠંડા કરવામાં આવેલ હતા ત્યારે અમો ચારે જણા અજીબો ગરીબ રોશની જોઈ. આ રોશની આસમાનથી ઉતરી આ ટીંબાની આજુબાજુ તવાફ કરી ફરી આસમાન તરફ જતી હતી. અમો તેની તહકીક કરવા ત્યાં ગયા પણ કંઈ નજરે આવ્યુ નહીં. જ્યારે અમો ફરીથી ચારે જણા દુર ગયા તો ફરીથી તેજ જગ્યાએ રોશની થવા લાગી. આ પ્રસંગથી અમોને અત્યંત નવાઈ લાગી અને વાતો કરતા કરતા ઘર તરફ રવાના થયા પાછા વળીને જોયું તો આ રોશનીનો તવાફ ચાલુ જ હતો. ત્યારબાદ જ્યારે જ્યારે અમારૂ ત્યાંથી આવવા જવાનું થતું ત્યારે ટીંબા પાસે આવતાં મૌલાને સલામ કરી દેતા એટલે સુધી કે <u>જનાબ હસનભાઈ ડોસન સલેમા તો બોલી ઉઠતા કે '' હાજત બર આયેગી યે શાહ કે દરબાર મે, બસ માંગને કી દેર હૈ શાહ કે દરબાર મે.''.</u>

આ મોઅજીઝાની ચર્ચા ગામમાં અતરાફમાં થવા લાગી અને મુંબઈ મુકામે મોમિન ભાઈઓ ને પણ આ વાત ગોશગુજાર થઈ અને આ ચર્ચા બેઠકોની ઝીનત થવા લાગી. જનાબ હાજી નાથુ દુધવાલા (માંકણોજીયા) જે કોમના શુભ ચિંતક અને સખી દાતા હતા. મુંબઈથી કાણોદર આવ્યા ત્યારે આ મુબારક જગ્યાની જીયારત કરી ત્યારે સર્વ મોમિનોને દિલનથી યકીન થઈ ગયું કે આ ટીંબા પર અમારા મૌલા હ.ઈ. હુસૈન અ.સ. નો છાયો છે એટલે આ મુબારક જગ્યાની ઓળખ માટે ત્યાં ઓટલો બનાવી ચિરાગ-અગરબત્તિ કરવા લાગ્યા. જુમેરાત જુમ્માના રોજ મોમિન ભાઈઓ આ જગ્યા ઉપર આવવા લાગ્યા અને મજલીસો મુનાઝાત પઢવા લાગ્યા. અઝાદારોની આસ્થા આ પવિત્ર જગ્યા સાથે જોડાઈ એટલા સુધી કે દરેક સારા ભલા પ્રસંગોએ દરેક મોમિન ભાઈ ત્યાં ઝીયારત અર્થે જવા લાગ્યા અને પોતાની હાજતો આ સ્થળે પેશ કરી પોતાની હાજતોને પુરી થયેલી અનુભવતા.૧૯૦૬ થી એક દસકાના ગાળામાં આ જગ્યાની શોહરત દિન પ્રતિદિન વધવા લાગી અને મૌલાના આશીકો-ચાહવાવાળાઓ માં પણ આ મોઅજીઝાની ચર્ચા થવા લાગી ત્યારે કૌમના ભાઈઓએ એક વિચાર પેશ કર્યો કે આ જગ્યાએ સય્યદુશ્શોહદા ઈમામે હુસૈન અ.સ. ના રોઝાની શબીહ બનાવવી. આ તકને ફીઝામાંથી ગુંજતાજ ઝડપી લઈ મર્હુમ જનાબ હાજી વલી નાથુ દુધવાળા અને તેમની પત્ની મોહતરમા

અમીના બાઈએ રૂપિયા ૪૦૦૦/- આપી બાંધકામની શરૂઆત કરાવી. આ સખી દાતાની ઈમદાદ અને કૌમના મોઅમીનોની મહેનત અને દુઆઓની અસરથી રોઝા મુબારકની શબીહ આશરે ૧૯૧૯ માં સંપુર્ણતાએ પહોંચી.

આ રોઝા મુબારકની શોહરત-ખ્યાતી અને તેની અઝમત આજુબાજુમાં વસતા ઈમામના ચાહવાવાળાઓ અને હિંદુસ્તાનના વિભીન્ન શહેરોમાં વસતા મોઅમીન બિરાદરોમાં પ્રસરવા લાગી. મોઅમીનો દુર દુરથી અહી ઝીયારત અર્થે આવવા લાગ્યા અને પોતાની મન્નતો, નજરો, હાજતો મૌલા હુસૈન અ.સ. સમક્ષ રજુ કરતા અને દરેકની હાજતો મૌલાના વસીલાથી આ જગ્યાએથી પુર્ણ થવા લાગી.

આજેપણ દેશ પરદેશ માંથી ઝાએરીન ઝીયારત અર્થે અને પોતાની હાજતો લઈને આવે છે અને પોતાના દામનને હાજતોથી ભરીને જાય છે.

## કરામતઃ-૨

## હજરત અબ્બાસ અ.સ. ના રોઝાની તામીર

મૌલા હુસૈન અ.સ. ના રોઝાની ઝીયારત માટે મોઅમેનીન આવવા લાગ્યા એ અરસામાં ઘણા મોમીન ભાઈઓએ હુસૈન ટેકરીની સામેની ઉંચી જગ્યા પર પણ રોશની- મોઅજીજા નિહાળ્યા. અને હુસૈન ટેકરીથી ઝીયારત કરીને ત્યાં જવા લાગ્યા. ઘણા પ્રસંગોએ અનેક લોકોએ બુઝુર્ગ હસ્તીઓને હુસૈન ટેકરીના રોઝેથી નિકળી સામેની ઉંચી જગ્યા (ટેકરી) તશરીફ લઈ જતાં જોયેલ હતા. લગભગ ૨૬ વર્ષ અગાઉ ખ્વાબમાં કોઈને કહેવામાં આવ્યુ કે હાલ જે જગ્યાએ અબ્બાસ ટેકરી છે તે જગ્યાએ હઝરત અબ્બાસ અ.સ. ની ઝરીને મુકર્રર કરો અને તે ખ્વાબ હુસૈન ટેકરીના મજાવર ફતેઅલી વલી પલાસરાને આવ્યો હતો. તેથી તે જગ્યાએ શરૂઆતમાં મીણબત્તી અને અગરબત્તી કરવામાં આવતી હતી. તેના બાદ ત્યાં એક ઓટલા જેવી જગ્યા ૧૯૩૫-૩૬ ની આસપાસ બનાવી ત્યાં એક નાની ઝરી ચણીને બનાવી અને અલમ મુબારક મુકવામાં આવ્યો હતો.

ત્યારબાદ અમુક માણસોને બશારત થઈ તેથી લગભગ ૬ વર્ષ અગાઉ ઝરી ની આસપાસ સહેનનું પાકુ ચણતર કરીને રોઝો બનાવવામાં આવ્યો જેને અબ્બાસ ટેકરીના નામે ઓળખવામાં આવે છે. પરંતુ જે આલેશાન રોઝો જોવામાં આવે છે તેના બનાવવાની હકીકત એ છે કે જેને કાણોદરના મોમીન અબ્દુલહુસૈન વલીભાઈ સુણસરાએ તારીખ ૧/૫/૧૯૬૫ ના મારી પાસે (આર.ડી.મશહદી) બયાન કર્યુ કે મારા શેઠ સૈયદ ઈકરામહુસૈન આઝમી જેવો આઝમગઢ યુ.પી. ના

રહેવાસી છે.

જેઓ ઈ.સ. ૧૯૬૪ ના માર્ચ મહીનામાં ફેડરેશનનો જલસો જે હુસૈન ટેકરી, કાણોદરમાં થયો હતો તેમાં તેઓ અહીયાં આવ્યા હતા.

તે વખતે તેઓ હુસૈન ટેકરી અને અબ્બાસ ટેકરીની કરામતો સાંભળી તેથી તેમને વિચાર આવ્યો કે મારી જે મીઠા પેશાબ (ડાયાબિટીસ) ની બિમારી છે જેના માટે મે ઘણા ઈલાજો કરાવ્યા છે પણ તે બિમારી મટતી નથી. તેમણે તે પણ નોધ્યુ કે હુસૈન ટેકરી ઉપર સરસ રોઝો બનાવવામાં આવેલ છે જ્યારે અબ્બાસ ટેકરી ઉપર તેવો આલીશાન રોઝો બનાવવામાં આવેલ નથી અને તે જગ્યા ખુલ્લી અને વેરાન છે.

માટે હું માનતા કરૂ છું કે અગર મારી આ ડાયાબીટીસની બિમારી દુર થઈ જાય તો હું જેવી રીતે હુસૈન ટેકરી ઉપર રોઝો બનાવવામાં આવેલ છે તેવો રોઝો હ. અબ્બાસ અ.સ. નો બનાવીશ. ત્યારબાદ તેઓ ફેડરેશનનો જલસો પતાવી કાણોદર થી મુંબઈ જવા રવાના થયા. ખુદાની કુદરત અને હ. અબ્બાસ અ.સ. નો મોઅઝીજો જુવો કે પહેલા તેમને એક એક કલાકે પેશાબ કરવા જવું પડતું હતું પરંતુ માનતા કરવા બાદ જ્યારે તેઓ કાણોદર થી મુંબઈ ટ્રેન દ્વારા ગયા ત્યારે ૧૯ કલાકની મુસાફરી દરમ્યાન તેમને પેશાબ કરવાની હાજત ન થઈ.

મુંબઈ પહોંચ્યા બાદ સામાન્ય રીતે જે હાજત થાય તે રીતે તેમને જવું પડ્યું. ત્યારે તેમના મનને તસલ્લી કરવા માટે કે હ. અબ્બાસ અ.સ. નો રોઝો બંધાવવાની માનતા કરવાથી આ બિમારી ચાલી ગઈ છે કે નહી? તેથી તેઓ તે ચીજો ખાવની શરૂ કરી (મીઠી ચીજો) કે જેની ડાયાબીટીસમાં ડોક્ટરો મના કરતા હોય છે અને અગાઉ તે મીઠી ચીજોથી પરહેજ કરતા હતા. ત્યારબાદ તેઓ ડાક્ટરી તપાસ કરાવી પરંતુ તેમને તે બિમારી જોવામાં ન આવી અને તેઓ કામીલ શીફા પામ્યા. મૌલાની નજરે કરમથી સૈયદ ઈકરામ હુસૈનની બિમારી શીફા થઈ ગઈ તેથી તેઓએ મૌલા અબ્બાસ અ.સ. ના રોઝાની શબીહ બનાવવા માટેની મંજુરી અને ખર્ચનો વિગતનો પત્ર લખી રૂા. ૫૦૦૦/- અબ્દુલ હુસૈન વલી સુણસરા (ઠેબા) મારફતે જમાતને મોકલાવી બાંધકામ ચાલુ કરાવ્યું. ત્યારે ૧૯૬૫ ની સાલ હતી અને ૧૯૬૬ માં રોઝાની શબીહનું બાંધકામનું કામ પુર્ણ થયું.

ત્યારબાદના સમયગાળા દરમ્યાન જમાત અને સખી દાતાઓના સહકારથી આજે જે આપણી સમક્ષ આલીશાન રોઝે હ. અબ્બાસ અ.સ. છે તેની તામીર થઈ. હ. અબ્બાસ અ.સ. ના રોઝા ઉપર ઘણી કરામતો અને મોઅઝીજા કાણોદરના અને બહારના જવ્વારોએ જોયા છે અને અસંખ્ય જવ્વારો ની હાજતો તે રોઝાના દર ઉપરથી પુરી થયેલી છે અને ભવિષ્યમાં પણ ઈ.અ. આ દર ઉપરથી પોતાની મુરાદોને

પુરી થતાં જોશે.

**કરામત:-૩**

મૌલવી રાજમહંમદ મશહદી બયાન કરે છે કે કાણોદરની હુસૈન ટેકરી વિશે લગભગ ૩૭ વર્ષ અગાઉ મને પુરી મારેફત ન હતી. તેથી મને વિચાર થઈ આવતો હતો કે અહી ઘરે ઈ. હુસૈન અ.સ. ને પોકારીએ તો શું આપણી મદદ ન કરે? આપણે શા કારણે હુસૈન ટેકરી જવું જોઈએ? પરંતુ અલ્લાહના લાખ-લાખ શુક્ર છે કે તેણે મને આ મુકદ્દસ જગ્યાની મારેફત અતા કરી.તેની વિગત એ છે કે એક રાત્રે મે સપનામાં જોયું કે હુસૈન ટેકરીના અમુક ભાગ અગાઉ એક બોર્ડ જોવામાં આવ્યું કે જેવા બોર્ડ રેલ્વે સ્ટેશન ઉપર હોય છે. તે બોર્ડમાં લખેલું હતું કે '' કરબલા એ મોઅલ્લા'' જેનો મતલબ એમ થાય છે કે આ હુસૈન ટેકરીની જગ્યા છે તે કરબલા જ છે તેથી હુસૈન ટેકરીની અજમત મને માલુમ થઈ અને ત્યારથી અત્યાર સુધી હું હુસૈન ટેકરીથી દીની તેમજ દુન્યાવી ફાયદા હાસિલ કરતો રહ્યો છું. કેટલીક વખત તો એવા સંકટમય સમય આવી જતા કે હું હુસૈન ટેકરી આવી ઈ.હુસૈન અ.સ. પાસે બહુજ આજીજી સાથે માગવાથી ૨૪ કલાક ગુજરવા ન પામ્યા હોય કે તેનાથી મારી હાજતો પુરી થઈ જતી. તેમજ કેટલીક વખતે નાણાંની સખ્ત જરૂરત હોવાથી હુસૈન ટેકરી ઉપર જઈ માગવાથી અજીબો ગરીબ રીતે તે નાણાંનો ઈન્તેજામ થઈ જતો હતો. તેમજ કેટલાક મુસ્લીમ અને ગેરમુસ્લીમોને હુસૈન ટેકરી ઉપર જઈને પોતાની હાજત માગવાનું મે કહ્યુ હતું ત્યારે તેઓની હાજતો તે દર ઉપરથી પુરી થયાના ઘણા બનાવો બનેલ છે.

**કરામત:-૪**

અહમદ નુરમદ સુણસરા બયાન કરે છે કે આશરે ૧૭ વર્ષ અગાઉ જ્યારે મારૂ સગપણ નહોતું થયું તે વખતે મને મોલવી આર.ડી.મશહદી એ સલાહ આપી કે તમે હુસૈન ટેકરી જઈને દુઆ માગો. તો હું તેમના કહેવાથી હરરોજ હુસૈન ટેકરી જઈ ત્યાં હ.ઈ. હુસૈન અ.સ. થી અને અબ્બાસ ટેકરી જઈ હ. અબ્બાસ અ.સ. થી મારી હાજત માટે દુઆ કરવા લાગ્યો. તે દસ્તુર પ્રમાણે હું હુસૈન ટેકરી ઉપર દુઆ માગવા ગયો હતો. હું ઉભો-ઉભો દુઆ કરતો હતો તેવામાં મે જોયું કે બે બુઝુર્ગવારો અબ્બાસ ટેકરીથી હુસૈન ટેકરી તરફ આવી રહ્યા છે. તે બે બુઝુર્ગવારો માંથી જે પાછળ હતા તેમના ખભા ઉપર મશ્ક હતી અને તે બંન્ને બુઝુર્ગવારો ઘોડા ઉપર સવાર થયેલા હતા તેથી હું વિચાર્યુ કે જેઓ આગળ છે તેઓ ઈ.હુસૈન અ.સ. હશે અને જેઓ પાછળ છે તેઓ હ. અબ્બાસ અ.સ. હશે કારણ કે તેમના ખભા ઉપર મશ્ક હતી.

મતલબ એ કે હુસૈન ટેકરી અને અબ્બાસ ટેકરી ઉપર નિયમીત દુઆ કરવાથી મારી તંગી પણ દુર થઈ અને મારૂ સગપણ પણ થઈ ગયું અને હાલ મને ખુદાએ બે ફરઝંદ આપ્યા છે અને મારી જીંદગી સારી રીતે ચાલી રહી છે.

## કરામતઃ-૫

હૈદરઅલી હસનઅલી સુણસરા બયાન કરે છે કે હું સાંભળ્યુ હતુ કે મુમન માંમજી અલીમદ ચૌધરી કે જેઓ પીર પાર્ટીના માણસ છે તેઓએ હાલમાં કંઈક કરામતો અબ્બાસ ટેકરી અને હુસૈન ટેકરી ઉપર જોઈ હતી. તેથી મે તેમની મુલાકાત કરી અને તે કરામત વિશે તેમને પુછ્યુ તો તેમણે નીચે મુજબ બયાન કર્યું એક રાત્રે હું અબ્બાસ ટેકરી ગયો હતો અને હું સમજ્યો હતો કે મારા સાથીદાર આગળ ગયેલા છે પરંતુ ત્યાં જઈને મે જોયું તો ત્યાં કોઈ હાજર ન હતું અને વળી રાત પણ અંધારી હતી તેથી મને ડર લાગવા લાગ્યો. ત્યારબાદ હું અબ્બાસ ટેકરીની સહેન માં સુઈ ગયો ત્યારે સ્વપ્નામાં કોઈ બુઝુર્ગવાર આવીને મને કહ્યું કે ચાલ હુસૈન ટેકરી તેથી હું ઉઠ્યો અને અબ્બાસ ટેકરીથી હુસૈન ટેકરી જવા માટે રવાના થયો જોકે કોઈ માણસ તે સમયે મને નજરે ન આવ્યો પણ એક બત્તી જેવી રોશની મારી આગળ-આગળ ચાલતી મે જોઈ તે બત્તી વડના ઝાડ સુધી મારી આગળ-આગળ ચાલતી રહી. જો કે મને તે વખતે એમ ભાસ થતો હતો કે કોઈ મારી સાથે છે તેથી હુસૈન ટેકરી નજદીક આવેલી જોઈ મે કહ્યુ કે હવે તમો જાઓ. તેમ કહેવાથી તે રોશની દેખાતી બંધ થઈ ગઈ. પછી હું હુસૈન ટેકરીના મુસાફરખાનાની ઓરડીમાં આવીને સુઈ ગયો ત્યારે મને એમ માલુમ પડતું હતું કે હું રેશમના ગાદલા ઉપર સુતો છું. જ્યારે મારા સાથ વાળાઓ આવ્યા ત્યારે હું ઉઠ્યો તો જોયું કે તે ગાદલુ નથી.

## કરામતઃ-૬

મર્હુમ અલીમહંમદ નુરમદ કુગશીયા બયાન કરે છે કે મને સન ૧૯૫૨ માં લગભગ ૩૦૦૦/- રૂા. નો કરજો થઈ ગયો હતો. તેથી હું બહુજ પરેશાન હતો. મને કોઈ ઉપાય સુજતો ન હતો. તેથી મે વિચાર કર્યો કે હુસૈન ટેકરી જઈને હઝરત ઈ. હુસૈન અ.સ. થી અને હ. અબ્બાસ અ.સ. થી મારી હાજત બયાન કરૂ. મારી સાથે બીજા ૨ માણસો આવ્યા હતા જેમાંના એક રાજેવલી અઘારીયા હાલ હયાત છે અને બીજાનો ઈન્તેકાલ થયેલ છે. અમો ત્રણ માણસો રાત્રે એક વાગે હુસૈન ટેકરી આવ્યા અને ૧૦ મીણબત્તી ત્યાં રોશન કરી પછી હું બલંદ અવાજે ઝીયારત પઢી અને ખુબ રડ્યો. ત્યારબાદ અમો ત્રણ જણા અબ્બાસ ટેકરી આવ્યા અને ત્યાં પણ ૧૦

મિણબત્તીઓ કરી બુલંદ અવાજે ઝીયારત પઢીને હ. અબ્બાસ અ.સ. ના અલમની નીચે મે એટલુ રૂદન કર્યુ અને મારૂ માથું પછાડ્યું જેથી મારા કપાળ ઉપર લોહી ભરાઈને ઉપસી નિકળ્યુ. ત્યારબાદ મે મારી હાજત બયાન કરી. મારી સાથે આવેલા બે માણસો મને દિલાસો આપી મને ઘરે લાવ્યા જ્યારે હું મારા ઘરે આવીને સુતો હતો તો સુબ્હ સાદીકના વખતે મને સ્વપ્નુ આવ્યુ કે એક ઘોડે સવાર નિકાબપોષ હાથમાં અલમ લઈ મારા બિછાના પાસે પધાર્યા છે. તેઓએ મને અમુક બાબતો વિષે ઠપકો આપ્યા બાદ ફરમાવ્યુ કે તારૂ કરજ જે તારે હાલ આપવાનું છે તે ૨૪ કલાક માં અદા થઈ જશે અને તે કહેવા સાથે કરજ અદા કરવાનો ઉપાય બતાવ્યો. તે ખ્વાબમાં બતાવેલ પ્રમાણે હું અને મારા સાથી રાજે વલી અઘારીયા ઉપાય પ્રમાણે કાર્ય કર્યુ જેથી મને રૂ. ૨૬૦૦/- મળી ગયા. જેમાંથી મારા સાથે આવેલા રાજેવલી અઘારીયા ને પણ ૧૦૦ રૂા. બક્ષીસ તરીકે આપ્યા.

**કરામતઃ-૭**

મર્હુમ અલીમદ નુરમદ કુગશીયાએ લગભગ ઈ.સ. ૧૯૬૫ માં બયાન કર્યુ કે હું તેમજ પીર પાર્ટીના બે માણસો વજીર અલીમદ અઘારીયા તથા જીવા રાજે મુસબજી એક મહીના અગાઉ હુસૈન ટેકરીના મોઅજીજા જોવા રાત્રે ૧૦ વાગે કાણોદર થી હુસૈન ટેકરી ગયા કારણ કે તે બંન્ને માણસો ની તમન્ના હતી કે લોકો બયાન કરે છે કે હુસૈન ટેકરી ઉપર મોઅઝીજા થાય છે તો આપણે પણ ત્યાં જઈને તે મોઅઝીજાની ઝીયારત કરીએ. તેથી અમો ત્રણે જણા હુસૈન ટેકરી ગયા. જેવા અમે ત્રણે જણા હ. ઈ. હુસૈન અ.સ. ના રોઝાની પાસે પગથીયા ઉપર પગ મુક્યો કે તરતજ એક મોટી રોશની હુસૈન ટેકરીના મીમ્બર પાસે જોઈ જેથી અમોને ઝીયારત નસીબ થયેલી સમજી પણ તે સાથે ડર લાગવાના કારણે અમો હુસૈન ટેકરીના મુસાફરખાનામાં આવી તે રોશની જોવા લાગ્યા. તો તે રોશની લગભગ પોણો કલાક સુધી રહી અને અમો સલવાત પઢે જતા હતા. જ્યારે તે રોશની અદ્રશ્ય થઈ ત્યારબાદ અમો હ.ઈ. હુસૈન અ.સ. ના રોઝા ઉપર ગયા અને મીણબત્તી સળગાવી ઝીયારત પઢી. (આર.ડી. મશહદી તા. ૯-૭-૧૯૬૭)

## કરામતઃ- ૮

તા. ૧૯-૩-૧૯૬૪ ના દિવસે નુરમહંમદ જમાલ સુણસરાએ બયાન કર્યુ કે ૮ વર્ષ અગાઉ એક વણકર (હરીજન) કે જેનું નામ ધુળા મગન હતું અને તે કાણોદરમાં રહેતો હતો. તેણે મારી સમક્ષ બયાન કર્યુ કે મારે ૧૩ વર્ષથી ઔલાદ થતી ન હતી તેથી હું નાહી ધોઈને નવા કપડાં પહેરી જુમેરાતના સાંજના અબ્બાસ ટેકરી ગયો અને ત્યાં ઝરીની સામે પ્રતિજ્ઞા કરી કે યા અબ્બાસ તમે મને ઔલાદ આપશો તો હું તમારા નામની ચિરાગ હંમેશા મારા ઘરે કરીશ અને તે ઉપરાંત આ ઝરીની આગળ એક નારીયળ છોકરો થાય તો ચડાવવાની માનતા કરી.

તેના થોડા સમયબાદ મારી ઘરવાળી ગર્ભવતી થઈ અને તેનાથી એક દિકરો થયો. તેથી ઉપર જણાવેલ માનતા પ્રમાણે હું આજસુધી હ. અબ્બાસ અ.સ. ની બત્તી મારા ઘરે કરૂ છું અને જ્યારે મને કોઈ મુસીબત આવે છે ત્યારે હું તે ચિરાગ સામે ઉભો રહીને હ. અબ્બાસ અ.સ. ને બંન્ને હાથ જોડીને હું કરગરૂ છું તેથી મારી તે મુસીબત ટળી જાય છે અને ઉપરની નારીયળ ચઢાવવાની જે માનતા મે કરી હતી તે પ્રમાણે તે માનતા પુરી પણ કરી હતી. (આર.ડી. મશહદી તા. ૯-૭-૧૯૬૭)

## કરામતઃ-૯

અલીમદ ડોસન શેરસીયા એ બયાન કર્યુ કે હું ઈ.સ. ૧૯૫૨ માં અમદાવાદ માં રહેતો હતો. પરંતુ મારો નિત્યક્રમ હતો હર જુમેરાતના દિવસે હુસૈન ટેકરી કાણોદર આવતો હતો. સમયના અભાવે ક્યારેક હું સીધો અમદાવાદથી હુસૈન ટેકરી આવી ઉમરદશી સ્ટેશનેથી પાછો અમદાવાદ ચાલ્યો જતો હતો.

પરંતુ સંજોગવસાત પાંચ જુમેરાત મારાથી આવી શકાયુ નહી તે અરસા દરમ્યાન મને તાવ અને ઝાડા શરૂ થયા તેથી હું ડાક્ટરની પાસે દવા લેવા ગયો તો ડાક્ટરે કહ્યુ કે આ બિમારી માટે મને કોઈ કારણ દેખાતું નથી. ત્યારબાદ તેના ચાર-પાંચ દિવસ પછી એક ખ્વાબમાં મે જોયું કે એક બુઝુર્ગવાર આવેલા છે જેમના હાથમાં એક કિતાબ છે. તેઓએ મને કહ્યુ ઈમામે હુસૈન અ.સ. ની ઝીયારત માટે હુસૈન ટેકરી કાણોદર આવવું છે મે કહ્યુ કે મારી તબિયત સારી નથી અને મારાથી આવી શકાય તેમ નથી. તેઓએ મને કહ્યુ કે તમો ચાલો તમારી તબિયત સારી થઈ જશે. તેમના કહેવાથી હું તેમની સાથે રવાના થયો રસ્તામાં અમને બીજા ચાર માણસો મળ્યા જેમાંના બે નાની વયના લગભગ ૧૨ વર્ષના જવાન છોકરા હતા. તે બે નાના છોકરા માથે નાના-નાના અમામા પહેરેલા હતા અને જે બે મોટા

માણસો હતા તેમના માથે સફેદ ફેટા હતા. અમો ૬ માણસો ઝીયારત માટે ચાલતા થયા. તે બે છોકરાઓ માંથી એક છોકરાએ કહ્યુ કે મારી માનતા છે તેથી મારે હુસૈન ટેકરી જવું છે. તે બુઝુર્ગવારો માંથી એક બુઝુર્ગવારે કહ્યુ કે આ માણસ હર જુમેરાત હુસૈન ટેકરી કાણોદર જતા હતા પણ તેમણે તે કામમાં સુસ્તી કરી તેથી બિમાર થઈ ગયા.

અમો મઝકુર ૬ માણસો જતા હતા તેવામાં એક વડનું ઝાડ આવ્યુ તેથી તે બુઝુર્ગવારે કહ્યુ કે અહી આરામ કરો પછી આપણે ચાલીશું તો મે કહ્યુ કે આ વગડામાં ખાવા-પીવાનો ઈન્તેઝામ કેવી રીતે થશે? તો તેમણે કહ્યુ કે આપણે જેની ઝીયારત માટે જઈએ છીએ તેમને તે ફીકર છે આપણે ફીકર કરવાની જરૂર નથી. અમો ૬ માણસો તે વડના ઝાડ નીચે બેઠા હતા તેવામાં સામેથી એક માણસ પોતાના ખભા ઉપર પાણી ભરેલી મશ્ક લટકાવીને હાજર થયો અને તેણે કહ્યુ કે આ પાણી હાજર છે તમો વજુ કરો અને પાણી પીઓ. તેણે કહ્યુ કે તમો ક્યાં જાઓ છો? તો અમોએ કહ્યુ કે અમો હ. ઈમામ હુસૈન અ.સ. ની ઝીયારત માટે કાણોદર જઈએ છીએ તો તે મશ્ક લાવનાર સાહેબે કહ્યુ કે તમે મારા આકાની ઝીયારત માટે જાઓ છો તો તમારા ખાવા-પીવાનો ઈન્તેઝામ હું કરી દઈશ. તે કહેવા બાદ તે મશ્ક વાળો માણસ અડધા કલાક બાદ બંન્ને હાથોમાં બે થાળ લઈને આવ્યો. એક થાળમાં માતર અને સુકો મેવો હતો અને બીજા થાળમાં ચોખા અને દાળ હતી. અમો ૬ એ માણસો તે જમવાનું ખાધું તેના બાદ અમો જવા માટે રવાના થયા. અચાનક મસ્જીદની અઝાનનો અવાજ મારા કાનમાં આવ્યો અને મારી આંખ ખુલી ગઈ.

સવારે હું વિચાર કર્યો કે હું હુસૈન ટેકરી જવાની કોશીષ કરીશ પરંતુ મારી પાસે નાણાંની જોગવાઈ ન હતી તેથી જઈ શકાયુ નહી. તે દિવસે બુધવારનો દિવસ હતો વળી બપોરે મસ્જીદમાં આવી સુતો હતો કે ફરીથી મને ખ્વાબમાં એક કાળા પોષાકવાળી વૃધ્ધા આવીને કહ્યુ કે તારે હુસૈન અ.સ. ની ઝીયારત માટે જવું છે? અને તે સાથે તે વૃધ્ધાએ મને લાકડીમાં ભરાવીને ૧૦ રૂા. ની નોટ આપીને કહ્યુ કે હુસૈન અ.સ. ની ઝીયારત માટે જતો રહે ત્યારબાદ મારી આંખ ઉઘડી ગઈ. તે વખતે મારા પાસે કંઈપણ પૈસા ન હતા અને હું તે વિચારમાં હતો કે કોઈપણ રીતે હુસૈન ટેકરી જવું તે વિચારમાં ને વિચારમાં હું મસ્જીદની બહાર નિકળ્યો તો એક જવાન માણસ કે જે મારો ઓળખીતો હતો તેણે કહ્યુ કે મારી મા તમને બોલાવે છે. તેથી હું તેમની પાસે ગયો અને તે વૃધ્ધાએ મને કહ્યુ કે તારે હુસૈન અ.સ. ની ઝીયારત કરવા માટે જવું હોય તો તને આ ૧૦/- રૂા. ની નોટ આપું છું અને તુ આ પૈસા લઈને હુસૈન ટેકરી જા. તે પૈસા લઈ હું રાત્રે આગ્રા લોકલમાં બેસીને કાણોદરની

હુસૈન ટેકરી આવીને હ.ઈ. હુસૈન અ.સ. ની ઝીયારત કરી અને ત્યારબાદ મારી તબિયત પણ બિલકુલ સારી થઈ ગઈ. (આર.ડી. મશહદી તા. ૧૩-૭-૧૯૬૭)

**કરામતઃ-૧૦**

અલીમહંમદ હસનઅલી નળવાળાએ તા. ૧૧/૬/૧૯૬૬ ના દિવસે બયાન કર્યુ કે મને કાજી સાહેબ માસ્તરે કહ્યુ (એસ.કે.એમ. હાઈસ્કૂલ, કાણોદર) આજથી ત્રણ વર્ષ અગાઉ હું એક દિવસ અબ્બાસ ટેકરી ઉપર ગયો હતો. તે વખતે એક હિન્દુને જોયો કે તે અબ્બાસ ટેકરીના આજુબાજુ ફરી રહ્યો હતો.જેવી રીતે તવાફ કરે છે તે રીતે તેથી હું તે હિન્દુ પોટરને પુછ્યુ કે તમો કેમ અહી આવ્યા છો?

તો તેણે બયાન કર્યુ કે મારો એક છોકરો બિમાર હતો. તેની બિમારીમાં કોઈપણ ઈલાજ અસર કરતો ન હતો. રેલવેના ડોક્ટર તથા પાલનપુરના ડોક્ટર છુટી પડ્યા હતા કે આ છોકરો હવે બચશે નહી. તેથી હું નીરાશ થઈ ગયો હતો. તે સમયમાં મને કોઈએ કહ્યુ કે તુ અબ્બાસ ટેકરી કાણોદર જઈને ત્યાં દુઆ માંગ તો તારા દિકરાને શિફા મળશે એથી એ ઉમ્મીદ થી હું ત્યારથી અબ્બાસ ટેકરી આવી દુઆ કરવા લાગ્યો. મને તે માણસે ૪૦ દિવસ જવાનું કહ્યુ હતું. પરંતુ ૨૩ મા દિવસે હું જ્યારે અબ્બાસ ટેકરી આવ્યો ત્યારે ખુબ ગરમી પડતી હતી. અબ્બાસ ટેકરી ઉપર તે વખતે એક સીજડાનું ઝાડ હતું તેના છાંયડામાં હું જરા આરામ લેવા સુતો હતો. તે વખતે મારી આંખ જાગતી ઉંઘતી હાલતમાં હતી. તેવામાં હું જોયું કે એક બુઝુર્ગવાર કે જેમના બંન્ને હાથ ન હતા અને મોઢા ઉપર નિકાબ હતી, લીબાસ કાળા રંગનો પહેરેલો હતો, તેઓ તશરીફ લાવ્યા. તેઓએ મને કહ્યુ કે જા તારો છોકરો સાજો થઈ જશે હવે તારે અહી આવવાની જરૂર નથી, તારી હાજત પુરી થઈ જશે.

તેના બાદ હું ઘરે ગયો અને ત્યારથી મારા દિકરાની તબીયત સુધરવા માંડી અને થોડાજ સમયમાં તે એકદમ સંપુર્ણ રીતે તંદુરસ્ત થઈ ગયો. પરંતુ મને જે માણસ ૪૦ દિવસ અબ્બાસ ટેકરી આવવાનું કહ્યુ હતું તેના આધારે ૪૦ દિવસ પુરા કરવા હું અહી અબ્બાસ ટેકરી આવું છું. (આર.ડી.મશહદી તા. ૧૩-૭-૧૯૬૭)

**કરામતઃ- ૧૧**

અલીમહંમદ હસનઅલી નળવાળાએ તા. ૧૧/૬/૧૯૬૬ ના દિવસે બયાન કર્યુ કે આજથી લગભગ ૩૦ વર્ષ અગાઉ જે વખતે મારી ઉંમર ૨૨ વર્ષ ની હતી, તે વખતે હું અને નુરમદ કરીમદ પલાસરા તેમજ મહંમદ નુરમદ ઈસબ તે ત્રણ જણા રાત્રે

હુસૈન ટેકરી રાત રહેવાની નિયતથી ગયા હતા અને તે રાત શબે જુમ્માની રાત હતી.

તે રાત્રે ત્યાં અડધી રા.ત પછી અમો ત્રણે જણાએ રેલ્વેના પુલ પાસે જે કુવો છે તે કુવા માંથી રોશની નિકળતી જોઈ તે રોશની અબ્બાસ ટેકરી પર આવી અને ત્યાંથી ફરી તે કુવા તરફ ગઈ. ફરીથી તે રોશની તે કુવા માંથી નિકળી હુસૈન ટેકરી અમો જ્યાં ઉભા હતા ત્યાંથી લગભગ પાંચ હાથ છેટે આવીને ઉભી રહી. તે વખતે અમો સલવાત પઢે જતા હતા. ત્યાંથી તે રોશની તે કુવા તરફ ગઈ અને ફરીથી તે કુવા માંથી નિકળી તે રોશની અમારી સામે જ્યાં પહેલા આવી હતી ત્યાં આવી અને લગભગ ૩ મિનિટ ઉભી રહી અને ત્યાંથી તે કુવા તરફ ગઈ.

વળી ત્રીજી વખત તે રોશની અમારી સામે આવી અને આ વખતે તે રોશની અમારી બિલકુલ નજદીક આવી અને ત્યારબાદ તે રોશની ફરીથી તે કુવા તરફ ગઈ અને અદ્રશ્ય થઈ ગઈ તે વખતે હાલ જે અબ્બાસ ટેકરીનો રોઝો બાંધેલ છે તેની જગ્યાએ ફક્ત એક ઓટલા જેવી જગ્યા બનાવેલી હતી. અમો તે વખતે ત્રણેય માણસો પીર પાર્ટીમાં હતા પાછળથી અલીમહંમદ નળવાળા ઈશ્નાઅશરી પાર્ટીમાં આવી ગયા હતા. (આર.ડી.મશહદી)

## કરામતઃ-૧૨

મોમિન અલીમદ રાજે શેરશીયા (ભુરા) એ તા. ૨૨/૬/૧૯૬૬ ના બુધવારના દિવસે બયાન કર્યુ કે આજથી લગભગ ૪૦ વર્ષ અગાઉ હું તેમજ ખોજા મોલવી રજબઅલી ચમારડીવાળા તથા મર્હુમ માંમજી કરીમદ સુણસરા અને મર્હુમ જમાલ નશીર પોગળવા અમો ચાર માણસો એક વખત હુસૈન ટેકરી ગયા હતા. મારૂ ગુમાન છે કે તે શબે જુમ્માની રાત હતી તે વખતે હુસૈન ટેકરીનો રોઝો બન્યો ન હતો પણ એક નાની જગ્યા નિશાની માટે બનાવી હતી અને અબ્બાસ ટેકરી તો તે વખતે બનેલી પણ ન હતી બલ્કે તેનું કોઈ નિશાન પણ કાયમ કરવામાં આવ્યુ ન હતું.

મગરીબ નો સમય થયો હતો તેથી અમોએ મગરીબની નમાઝ હુસૈન ટેકરીના સહેનમાં પઢી તેના બાદ અમોએ જોયું કે જે મુસાફર ખાનું બનાવેલ છે ત્યાં બે બુઝુર્ગવારને સફેદ લીબાસમાં જોયા. અમો તે વખતે બેઠા બેઠા તસ્બીહ પઢતા હતા તે બંન્ને બુઝુર્ગવારો ત્યાંથી હાલ જે અબ્બાસ ટેકરી છે તે તરફ ચાલ્યા તે વખતે ત્યાં ટેકરી ઉપર એક સીજડાનુ ઝાડ હતું ત્યાં બે બુઝુર્ગવારો લગભગ ૨૦ મિનિટ રોકાયા. તેના બાદ જ્યારે અમો ઈશાની નમાઝ પઢવા ઉભા થયા તો જોયું કે તે

વખતે તે બંન્ને બુઝુર્ગવાર હાલ જે વડનું ઝાડ છે તે જગ્યાએ ઉભેલા જોયા તેના બાદ અમો ઈશાની નમાઝ પઢી લીધી તે વખતે તે બંન્ને બુઝુર્ગો અમારી પાછળ લગભગ ૧૫ હાથ દુર આવીને ઉભા રહ્યા તે બનાવ અમો ચારે માણસોએ જોયો હતો. પછી હું (અલીમદ રાજે શેરશીયા) તે બંન્ને બુઝુર્ગોને ઉભા થઈને સલામ કરી તો તે બુઝુર્ગો અદ્રશ્ય થઈ ગયા. અમો તે વખતે ગુમાન કર્યુ કે તેઓ કોઈ બુઝુર્ગ હસ્તીઓ હશે ચાહે જીન માંથી હોય કે ઈન્સાન માંથી હોય નહી તો અદ્રશ્ય ન થઈ શકે ત્યારબાદ અમો ઝીયારત પઢી સહી સલામત ઘરે આવ્યા. (આર.ડી.મશહદી તા. ૧૫/૭/૧૯૬૭)

### કરામતઃ-૧૩

તા. ૪/૬/૧૯૬૬ ની રાત્રે કે જે ૧૪ મી સફર મહિનાની રાત હતી અને તે રવિવારનો દિવસ હતો તે રાત્રે જે બનાવ હુસૈન ટેકરી ઉપર બન્યો તેની સૈયદ નજફઅલી હસનઅલીએ નીચે મુજબ બયાન કર્યો હતો.

તે રાત્રે હું હુસૈન ટેકરીના ઉંચા સહેનમાં સુતો હતો અને બીજા દસેક માણસો પણ ત્યાં સુતા હતા અને કેટલીક ઔરતો નીચેના સહેનમાં સુતી હતી અને બીજા દસેક છોકરા પણ ત્યાં સુતા હતા. ફાતમાબેન નુરમદ વકાલીયા તે વખતે જાગતી હતી અને તેણીએ જોયું કે અબ્બાસ ટેકરીના રોઝામાં રોશની થઈ અને તે સાથે ત્રણ બુઝુર્ગવારને આવતા જોયા જેમાંથી બે બુઝુર્ગવાર ઘોડા ઉપર સવાર હતા અને એક બાનુ ઉંટ ઉપર સવાર હતા. તે જોઈ ફાતમાબાઈએ બધાને જગાડ્યા અને કહ્યુ કે જુઓ સામે બુઝુર્ગવારો આવી રહ્યા છે માટે દુઆ કરો તેથી હું પણ જાગ્યો અને મે જોયુ તો સામે આંબાના ઝાડની નીચે ત્રણ બુઝુર્ગો સવાર થઈને આવી રહ્યા છે તે ત્રણે હસ્તીઓ ત્યાંથી મસ્જીદ આગળ આવ્યા અને ત્યાંથી ખંદક કે જ્યાં આગની માતમ થાય છે ત્યાં આવ્યા અને ત્યાંથી હુસૈન ટેકરીના નીચેના સહેન પાસે આવ્યા. ત્યારે અચાનક અવાજ આવ્યો કે ત્યાં ન જાઓ ત્યાં કોઈ નજીસ છે તે અવાજ સાંભળી ફાતેમાબાઈએ કહ્યુ કે અહીયાં કોણ નજીસ છે જે નજીસ હોય તે હટી જાય તેથી એક છોકરો જેણે પેશાબ કરી તહારત નહોતી કરી તે હટી ગયો. પછી તે ત્રણે બુઝુર્ગવાર ઉપરના સહેનમાં આવ્યા અમને તેમના ઘોડાની ટૉપો નો અવાજ પણ સાંભળવામાં આવ્યો હતો. તે ત્રણે બુઝુર્ગવાર હુસૈન ટેકરીના રોઝાની જાળીની સામે ઉભા રહ્યા તે સમયે જાળીની એક તરફ ફાતમાબાઈ અને બીજી તરફ એક છોકરો ઉભો હતો. તેઓએ ઈરાદો કર્યો હતો કે અમો તે બુઝુર્ગવારોના પગ પકડી દઈશું. ફાતમાબાઈ તેમને જોઈને રોવા લાગી અને તે છોકરા ઉપર પણ એવી

હૈબત તારી થઈ કે તે ત્યાં નો ત્યાં ઉભો રહ્યો. તે જાળી જે બંધ હતી તે આપોઆપ ખુલી ગઈ અને ત્રણેય બુઝુર્ગવારો રોઝામાં દાખલ થયા અને લગભગ બે મિનિટ પછી તેઓ બહાર આવ્યા: તે વખતે જે માણસો ત્યાં હાજર હતા તેઓ એવા સ્તબ્ધ થઈ ગયા હતા કે કંઈપણ બોલી-ચાલી ન શક્યા અને મનમાં ને મનમાં સલવાત પઢવા અને દુઆ કરવા લાગ્યા. ત્યારબાદ તે ત્રણેય બુઝુર્ગવારો ખંદક પાસે થઈ મસ્જીદ પાસે પહોંચી આંબાના ઝાડની નીચેથી પસાર થઈ અબ્બાસ ટેકરી પાસે ગયા ત્યાં ફરીથી રોશની થઈ અને તે ત્રણેય બુઝુર્ગવારો ગાયબ થઈ ગયા. મને લાગે છે કે એક હ. અબ્બાસ અ.સ. હતા કારણ કે તેમના બંન્ને હાથ કપાયેલા હતા અને તેમની સાથે અલમ મુબારક પણ હતો અને બીજા બુઝુર્ગવાર હ.ઈ. હુસૈન અ.સ. હશે તેમ મારૂ માનવું છે અને તે ખાતુને મોઅજમા કોણ હતા તેની મને ખબર ન પડી.

આ સમગ્ર બનાવ હુસૈન ટેકરી ઉપર જે લોકો હાજર હતા તેમાંથી મોટા ભાગના લોકોએ જોયો હતો પરંતુ અમુક માણસોને તે મોઅજીજો જોવો નસીબ થયો ન હતો તે મોઅજીજો જોવામાં કેટલાક પીર પાર્ટીના માણસો પણ હતા. આ વાકીયાની તહેકીક કરવા મે નુરમહંમદ જમાલ સુણસરાને તેમજ માંમજી જીવા, નુરમદ જીવા અગરી, ફાતમાબાઈ થરાદરાને ભલામણ કરી અને તેઓ આ બનાવ જોનારાઓ માંથી અમુક માણસોને ખુલાસાવાર પુછ-પરછ કરી તેની ખાત્રી કરાવી હતી અને તેઓનો હું અહેસાન માનું છું. (આર.ડી.મશહદી તા. ૨૩/૭/૧૯૬૭)

## કરામતઃ-૧૪

મર્હુમ નુરમહંમદ વલીભાઈ સુણસરા (કટકા) જેઓ કરબલા અને ખુરાશાન ની ઝીયારતોથી મુશર્રફ થઈ ચુક્યા હતા તેઓ સનઃ૧૯૫૩ ની સાલમાં હરરોઝ સવારની નમાઝ પઢી કાણોદર ગામમાંથી હુસૈન ટેકરી જતા હતા અને રોઝાની સહેનમાં બેસીને હદીસેકીસા અને કુરઆનના સુરાઓ વિ. પઢતા હતા તે પ્રમાણે તેમને બરાબર ૧૦૬ દિવસ સુધી હુસૈન ટેકરી જવાનું હંમેશા જારી રાખ્યુ આ તેમનો નિત્યક્રમ હતો. છેલ્લા દિવસે દસ્તુર પ્રમાણે તેઓ પઢવા લાગ્યા.

તે વખતે હ.ઈ. હુસૈન અ.સ. રોઝાના અંદરથી ગૈબી અવાજ આવી એ વખતે રોઝાનો દરવાજો બંધ હતો કારણકે જવ્વારોની ગેરહાજરીમાં રોઝાને હંમેશા તાળુ લગાવવામાં આવતુ હતું. તે ગૈબી અવાજ એ હતી કે જે લોકો ઝીયારત કરીને આવ્યા છે તેમની દાવત કરો. એટલે કે તેમને જમાડો અને તેમની ઝીયારત મકબુલ છે.

આ અવાજ સાંભળીને તેમણે કહ્યુ કે મારી પાસે પૈસા નથી તો ફરીથી રોઝામાંથી અવાજ આવ્યો કે તમારા ઘરમાં પૈસા છે. તેના બાદ તેઓ ઘરે આવ્યા અને તપાસ કરતાં તેમની ઘરવાળી અમીનાબાઈએ કહ્યુ કે ૪૯ રૂા. ઘરમાં પડ્યા છે. ત્યારબાદ જે લોકો ઝીયારત કરવા માટે કરબલા અને મશહદ ગયા હતા તેમની તેમણે દાવત કરી અને તે બધા જવ્વારોને જમાડ્યા. તે જવ્વારોમાં ગામ પાર્ટીના કેટલાક માણસો પણ હતા જેમકે નુરા મામજી મુખી, નુરમદ કરીમદ પલાસરા વિ.

આ બધા જવ્વારોની ઝીયારત કબુલ થવાનું ખરેખરૂ કારણ તો ખુદા જાણે છે પરંતુ જાહેરમાં પણ એવા કેટલાક કારણો દેખાય છે કે જેનાથી તેઓની ઝીયારત કબુલ થઈ હોય. કારણ કે આ જવ્વારો તેમની સફર દરમ્યાન જ્યાં જ્યાં જતા હતા ત્યાં ખુલુસ દીલની સાથે મઝલીસો અને મુનાજાતો અને દુઆઓ કરતા હતા. દુઆઓમાં ખાસ તેમની ઝીયારત કબુલ થાય તેવી દુઆઓ ખાસ માગતા હતા. વળી બીજુ કારણ એ પણ છે કે જે ૧૪ જવ્વારો મશહદ ઈ. રઝા અ.સ. ના રોઝાની ઝીયારત માટે ગયા હતા તેમને ખુદ ઈમામ ખ્વાબમાં આવીને તે ચૌદે જવ્વારોને તેમના રોઝા મુબારકમાં ફેરવીને ઝીયારત કરાવી હતી અને ત્યાંથી ઝાયદાન જવાનું ઈમામ અ.સ. એ ખ્વાબમાં કહ્યુ હતું. તેથી માલુમ થાય છે કે તે ચૌદ જવ્વારો ઉપર ઈમામે રઝા અ.સ. ની ઘણી મહેરબાની હતી અને જેમના ઉપર ઈમામ મહેરબાન હોય તેમની ઝીયારત કબુલ થાય તેમાં કંઈ તાજુબી ન ગણાય.

આ ઝીયારતમાં ગયેલ જવ્વારોને ત્યાં એક કરામત થયેલ જેની વિગત એવી છે કે - એ કાફલા માંથી કેટલાક માણસો કરબલાની ઝીયારત માટે રવાના થયા પણ અમો ચૌદ માણસો મશહદની ઝીયારત કરી વતનમાં પરત જવાનો ઈરાદો કર્યો હતો. જ્યારે અમારા કાફલાના અમુક માણસો કરબલા જવા રવાના થયા ત્યારે તેઓ તહેરાન પહોચ્યા. ત્યાં તેમને રેડિયો દ્વારા ખબર મળી કે હવેથી ભારતના વતનીઓને પાકિસ્તાન થઈને ભારત જવા નહી મળશે. પરંતુ તેમને પણ કુમ શહેર થઈ સ્ટીમર દ્વારા ભારત જવું પડશે. આથી અમારા ચૌદ ઝવ્વારોને ફીકર થઈ કે અમારી પાસે નાણાંની જોગવાઈ નથી અને કુમ થઈને સ્ટીમર દ્વારા ભારત જવા માટે હરેકને ૧૦૦ રૂા. ની જરૂર પડે. આથી અમો બધાજ ખુબજ પરેશાન હતા કે હવે શું કરવું અમોને ત્યાં પરવતનમાં કોણ નાણાં આપે?

આવા કપરા સમયે મારા મૌલા ગરીબુલ ગુરબા ઈ. રઝા અ.સ. મોમિન અલીમદ ડોસન સુણસરાના ખ્વાબમાં આવીને અમો ૧૪ ઝવ્વારોને તેમના રોઝ મુબારકમાં ફેરવીને કહ્યુ કે તમો ઝાઈદાન થઈને જાવ એટલે કે ઝાયદાન થઈ

પાકીસ્તાન થઈ ભારત તમારા વતન જાવ. આખ્વાબને અમોએ મશહદ ના દિનદાર મુતવલ્લી સૈયદ કાઝીમ લંગને બયાન કર્યો. તેથી તેઓએ અમોને યકીન અપાવ્યુ કે ભલે સરકારી કાનુન નથી પરંતુ ઈ. અ.સ. ખ્વાબમાં કહ્યુ છે માટે તમોને પાકિસ્તાન થઈ ભારત જવાના વિઝા મળી જશે. આખીર અમો ૧૪ માણસો ઝાયદાન આવ્યા અને ત્યાંથી વિઝા ઓફીસના માણસોને મળ્યા તો તેમણે જણાવ્યુ કે તમોને હવે પાકિસ્તાન થઈ ભારત જવાના વિઝા ન મળે કારણ કે હવે જુનો કાનુન બંધ થઈ ગયો છે.

પરંતુ આખરમાં એજ થયું જે ઈમાંમ રઝા અ.સ. એ ખ્વાબમાં કહ્યુ હતું અમારે તે વિઝા ઓફીસના માણસોને કંઈપણ રીશ્વત ન આપવા છતાં તે માણસોએ અમને પાકિસ્તાન થઈ ભારત આવવાના વિઝા આપી દીધા અને અમો બધાજ ઝવ્વારો ખૈરીયત ની સાથે અમારા વતનમાં આવી ગયા. (આર.ડી મશહદી તા. ૨૭-૨-૧૯૬૮)

**કરામતઃ- ૧૫**

અલીમદ ડોસન શેરશીયા (ભુરા) તા. ૨૫/૯/૧૯૬૭ ના રોજ મારા પાસે બયાન કર્યુ કે આજ થી લગભગ ૧૫ વર્ષ અગાઉ હું અમદાવાદમાં ધંધો કરતો હતો અને દર જુમેરાતે અમદાવાદથી કાણોદર હુસૈન ટેકરી આવીને ત્યાં પાંચ હાર ચઢાવીને હદિસે કિસાઅ અને ઝીયારત પઢીને પાછો અમદાવાદ ચાલ્યો જતો હતો. આ પ્રમાણે લગભગ ચાર વર્ષ સુધી કરતો રહ્યો. તે સમય દરમિયાન એક વખત મારા ઉપર ત્રણસો રૂપિયાનું કરજ (દેવું) થઈ ગયું હતું. તેથી મે વિચાર કર્યો કે આ જુમેરાતે હુસૈન ટેકરી જવુ નથી કારણ કે તે વખતે ખરચાના પૈસા મારી પાસે ન હતા. એજ રાત્રે ખ્વાબમાં કોઈ બુઝુર્ગવાર આવીને કહ્યુ કે ચાલ ઉઠ ઉભો થા તું શા કારણે હુસૈન ટેકરી જતો નથી? તો મે કહ્યુ કે મારા પાસે પૈસા નથી. તે સાંભળી તેઓએ મને અમદાવાદની નદી બતાવી ત્યાં એક દરગાહ મે જોઈ જેના ખુણા ઉપર મને રૂપિયા પાંત્રીસ તેઓ બતાવ્યા અને કહ્યુ કે આ રૂપિયા લઈને હુસૈન ટેકરી જા. તે જગ્યાએ હું ત્રણ નોટો દશ રૂપિયાની અને એક નોટ પાંચ રૂપિયાની જોઈ હતી જે વચમાંથી ફાટેલી હતી. આ ખ્વાબમાં મે તેમને પુછ્યુ કે આપ કોણ છો? તેથી તેઓએ કહ્યુ કે હું ઈમામ હુસૈન અ.સ. નો નાયબ છું. ત્યારબાદ જે મસ્જીદમાં હું સુતો હતો ત્યાં ઘોંઘાટ થવાથી મારી આંખ ઉઘડી ગઈ તે વખતે હું જોયું કે મારી પાસે એક સિગરેટનું પાકીટ પડ્યું છે તેથી હું વિચાર કર્યો કે એકાએક મારી પાસે આ પાકીટ ક્યાંથી આવ્યુ મને લાગ્યુ કે આ કુદરતી મદદ છે અને તે હિસાબે મારો ખ્વાબ પણ સાચો લાગે છે.

તેના બાદ સવારે ઉઠીને મે તે જગ્યા વિષે વિચાર કર્યો તો મને તે જગ્યા જમાલપુર દરવાજાની બહાર આવેલી બાવા લબલબીના કબ્રસ્તાનના નામથી મશહુર જગ્યા છે તે લાગી. તેના બાદ હું તે જગ્યાએ પહોંચ્યો તો મે જોયું કે ખ્વાબમાં જે જગ્યાએ મને ત્રણ દસની અને એક પાંચની નોટ બતાવી હતી તે જ પ્રમાણે ત્યાં નોટો પડેલી જોઈ તેથી હું એ પાંત્રીસ રૂ. લઈ લીધા જેમાં પાંચની નોટ વચમાંથી ફાટેલી હતી. આ રૂપિયા લઈને હું હુસૈન ટેકરી ઝીયારત માટે રવાના થયો હુસૈન ટેકરી આવી મે નમાઝ પઢી અને દસ્તુર પ્રમાણે હાર ચઢાવી હદીસે કિસાઅ અને ઝીયારત પઢી હું બહાર નિકળ્યો તો હુસૈન ટેકરીના દરવાજા પાસે જમણી તરફ એક સિગરેટનું પાકીટ મે જોયું તેથી હું સમજ્યો કે કોઈ ભુલી ગયું હોય તેમ લાગે છે તેથી તે પાકીટ હુસૈન ટેકરીના રોઝાના દરવાજા ઉપર રાખી હું મારા ઘરે કાણોદર આવ્યો. તે દિવસે હું મારા ઘરમાં સુતો હતો તે વખતે ખ્વાબમાં મને કોઈ જઈફા કે જેમના મોઢા સિવાય બીજો ભાગ છુપાયેલો હતો. તેમણે મને કહ્યુ કે તે પાકીટ તારા માટે હતું તે કેમ ન લીધુ. તેથી હું હુસૈન ટેકરી પાછો ગયો અને તે સિગરેટનું પાકીટ લીધુ પરંતુ તે પાકીટના ઉપર પાંચ આના હતા માટે મે તે પાંચ આના ત્યાં રહેવા દીધા અને ફક્ત પાકીટ લઈને ઘરે આવ્યો. ફરીથી રાત્રે તેજ મજકુર બાનું ખ્વાબમાં આવીને કહ્યુ કે તે પાંચ આના કેમ ન લીધા તે પાંચ આના લાવીને નાના બચ્ચાઓને સાકરીયા ચણાનું નિયાઝ વહેંચી દે તેથી મે તે પ્રમાણે કર્યુ. આ બનાવ બાદ નજદીકમાંજ મને અમદાવાદમાં લગભગ ૨૫૦૦/- રૂા. એક જ મહિનામાં મળી ગયા જેમાંથી મે મારૂ કરજ પણ અદા કર્યુ.

**કરામતઃ-૧૬**

અલીમદ રાજે શેરશીયા (ભુરા) એ તા. ૨૭/૬/૧૯૬૬ સોમવારના દિવસે મારી પાસે બયાન કર્યુ કે આજ થી ૩૦ વર્ષ અગાઉ મે હ. અબ્બાસ અ.સ. નો ૪૦ દિવસનો અમલ કર્યો હતો. તેમાં બે પંજા અને બે અલમ એક હ. ઈ. હુસૈન અ.સ. નો અને એક હ. અબ્બાસ અ.સ. નો સામે રાખીને અમલ કર્યો હતો અને તે અમલમાં '' દુનિયા કી સોહબત સે, મેરે નાક મે દમ હૈ'' વાળી મુનાજાત રોજ પડતો હતો. આ અમલ શરૂ કરવા પહેલાં બે રકાત નમાઝ રોઝી બહોળી થવાની હાજતની નિયત થી પડતો હતો. તે પ્રમાણે ૪૦ દિવસ સુધી બે રકાત નમાઝ અને ઉપરની મુનાજાત પડતો હતો.

આ અમલ કરવાની શર્ત એ હતી કે તે અમલ રાત્રીનો એક વાગે તનહાઈમાં

એકજ જગ્યાએ બેસીને કરવાનો હતો. તેમજ ફુલના બે હાર તે અલમો માટે તેમજ અગરબત્તી-મિણબત્તી સળગાવવાની તથા અત્તર લગાવીને તે અમલ કરવાનો હતો. આ ઉપરાંત હરરોજ ગુસ્લ કરીને અમલ કરે અને ૪૦ દિવસ સુધી હમબિસ્તરી ન કરવી અને નજીસ વસ્તુઓ ન ખાવી, હાથે રાંધીને ખાવાનું અને જમીન ઉપર બિછાનું કરીને સુઈ રહેવાનું તથા લિબાસ પાક-સાફ રાખવો અને ત્યાર બાદ અમલ શરૂ કરવો.

આ અમલ બતાવનારે કહ્યુ હતુ કે જ્યારે ૪૦ દિવસનો અમલ પુરો થાય ત્યારબાદ ૪૦ મા દિવસે યા ૪૧ મા દિવસે અમલ કરનારને બશારત થશે અને તે બશારત થવા બાદ તે બે પંજા અને અલમો તેમજ જેટલી બની શકે તેટલી રકમ (પૈસા) એક કપડામાં બાંધીને મુકી દેવી અને જ્યારે પણ કોઈ કરબલા જાય ત્યારે તે ચીજોને હ. અબ્બાસ અ.સ. ના રોઝા ઉપર કરબલા મોકલાવી દેવી.

જ્યારે ઉપર મુજબની શરતો સાથે મે તે અમલ પુરો કર્યો તો ૪૧ મા દિવસે મને બશારત થઈ અને તે બશારતમાં એક બુઝુર્ગવારને મે ખ્વાબમાં જોયા તેથી હું તેમને પુછ્યુ કે તમો કોણ છો? તો તેમણે મને કહ્યુ કે હું હ. અબ્બાસ અ.સ. નો નાયબ છું અને મને વળી કહ્યુ કે તમારો અમલ અને હાજત પુરી થઈ છે. જ્યારે આ ખ્વાબ જોયા બાદ હું જાગ્યો ત્યારે ખુદાના શુક્રનો સિઝદો કર્યો.

ઉપરોક્ત અમલ કરવાના ૧૦ દિવસ બાદ મને ફક્ત ૧૨ આના ના રોકાણમાં એવો ચાન્સ લાગ્યો કે મને લગભગ રૂા. ૨૫૦/- નો નફો થયો. તેની વિગત એવી છે કે હું એક હરાજીમાં સિગરેટની પેટીઓ લીધી હતી જે પેટીઓમાં ઉપરનો માલ બિલકુલ ખરાબ થઈ ગયો હતો તેથી તેને કોઈ ખરીદતુ ન હતું તે બધીજ પેટીઓ સસ્તામાં હું દસ આના માં ખરીદી લીધી અને બે આના ઉપાડવાના આપી ઘરે લાવ્યો. ત્યારબાદ તેને હું ખોલીને તપાસી તો અંદરથી બહુ સારી હાલતમાં સિગરેટના પાકીટ હતા. જેને મે માર્કેટમાં વહેચ્યા તો તેના મને રૂપિયા ૨૫૦/- મળ્યા.

આ અમલ પુરો કર્યા બાદ તે બંન્ને પંજા અને અલમ તેમજ અમુક રકમ એક કપડામાં વીંટીને એક પેટીમાં મુકી રાખી પણ તે વસ્તુઓને કરબલા મોકલવાનું હું ભુલી ગયો અને લગભગ ૭ વર્ષ સુધી તે ચીજો મારી પેટીમાં પડી રહી.

એક દિવસ બપોરના સાડા બાર વાગ્યે હું મારી આબુરોડની દુકાને બેઠો હતો જ્યાં હું રહેતો પણ હતો. તે વખતે એક બુઝુર્ગવાર માણસને હું મારી દુકાને એકાએક ઉભેલા જોયા. તેમનો ચહેરો નુરાની હતો તેમજ દાઢી કાળી હતી. અને માથા ઉપર સફેદ અમામો હતો તથા લીબાસ પણ સફેદ હતો. તેમનો ચહેરો

ખુબજ ખુબસુરત હતો તેમણે મને આવીને સલામ કરી મે તે સલામનો જવાબ આપ્યો તેના બાદ મે તેમને જમવા માટે, ચા-પીવા માટે તેમજ સિગરેટ પીવાનું કહ્યુ પણ તેમણે સાફ ઈન્કાર કર્યો અને કંઈપણ ચીજ ખાધી-પીધી નહી. તે સાહેબે મને ફક્ત એમ કહ્યુ કે તમે મારી અમાનત મને સોંપી દો. તેથી હું વિચાર કર્યો કે આ સાહેબ કોણ છે અને હું તેમને ઓળખતો પણ નથી અને તેમની કોઈ અમાનત મારા પાસે પણ નથી તો કઈ અમાનત તેમને પરત કરૂ. તે વિચાર કરતો હતો તેવામાં મારી પત્ની ફાતેમાએ મને યાદ અપાવ્યુ કે આપણી પેટીમાં જે અલમો, પંજા તથા રકમ છે તે તો તેમની અમાનત નથી? તો તે સાંભળી ને તે સાહેબે કહ્યુ કે હા તે જ મારી અમાનત છે અને મને તે આપો હું તે લેવા આવ્યો છું.

હું મારી ઘરવાળીને તે ચીજો આપવાનું કહ્યુ જે કપડામાં બાંધેલી હતી મે તે ચીજોને તે સાહેબને આપી દીધી. તેના બાદ તે સાહેબે મારા હકમાં દુઆ કરી અને કહ્યુ કે તમો ફળો અને ફુલો. ત્યારબાદ તે સાહેબ પાંચ કદમ ચાલ્યા હશે અને એકાએક ગાયબ થઈ ગયા. ત્યારબાદ મને ખુબજ પસ્તાવો થયો કે આ સાહેબની ઝીયારત થઈ પણ તેમના થી પુરી રીતે વાતચીત ન કરી શક્યો પરંતુ મને તે બુઝુર્ગવાર હ. અબ્બાસ અ.સ. હતા તેમ લાગે છે. ઉપરોક્ત અમલ મને અમદાવાદના પેશ નમાઝ મોલવી સૈયદ બાકીરઅલી સાહેબે બતાવેલ હતો.

## કરામતઃ-૧૭

તા. ૯/૪/૨૦૦૬

## બે ઈસ્મેહી તઆલા

તા. ૨/૪/૦૬ અને ઈસ્લામિક તારીખ ૨/૩ રબ્બીઉલ અવ્વલ રવિવારનો દિવસ હતો. શીયા ઈશ્નાઅશરી મોમીને જમાઅત, કાણોદર આયોજિત મજલીસોના પ્રોગ્રામ(ફેડરેશન) નો આખરી દિવસ હતો. સાંજના ૪ વાગ્યે મજલીસ બાદ હઝરત અબ્બાસ (અ.સ.) ના અલમ મુબારકનું જુલુસ ઈ. હુસૈન (અ.સ.) ના રોઝા મુબારક ઉપરથી નિકળી રોઝએ હ. અબ્બાસ (અ.સ.) ઉપર પહોંચી ત્યાંથી સાનીએ ઝહેરા જનાબે ઝયનબ (સ.અ.) ના રોઝા મુબારક તરફ રવાના થયું. હજુ જુલુસ જનાબે ઝયનબ (સ.અ.) ના રોઝા મુબારક ઉપર પહોંચવા પામ્યુ ન હતું હજુ તો માતમ કરતી જુદી જુદી અંજુમનો હ. અબ્બાસ (અ.સ.) ના રોઝા મુબારક ઉપર પહોંચવાની તૈયારી પર હતી તે સમયે લગભગ ૭:૦૦ વાગ્યે અને ૫ મિનિટે થવા આવી હતી અને હ. અબ્બાસ (અ.સ.) ના રોઝા મુબારક ઉપર આવેલ બે મિનારાઓ ઉપર લગાવવામાં આવેલ અલમ મુબારક ની સાથે મુકવામાં આવેલા

પંજાઓનો રંગ બદલાઈને રક્તરંજિત થવા લાગ્યો. ડાબી બાજુના પંજામાં ખૂનની લકીરો દેખાવા લાગી. જાણે કરબલાના શહીદોની કુરબાની અને તેમનું ખૂન જોશ મારવા લાગ્યું. ૭ ઉપર ૬ મિનિટ થતામાં પૂરા પંજામાં લાલ રંગ ફેલાઈ ગયો. ૭ વાગ્યાને ૭ મિનિટથી ૭ ને ૧૦ સુધી હાજર રહેલા અનેક લોકોએ એ પંજામાં ઈ. હુસૈન (અ.સ.) યા હઝરત અબ્બાસ (અ.સ.) જેવા લાગતા ઘોડેસવારને જોયા. આ મંઝર નજરે પડતાં જ હજારો લોકો હ. અબ્બાસ (અ.સ.) ના રોઝા મુબારક ઉપર એકઠાં થઈ ગયાં. લોકોના મસ્તકો મોઅજીઝાને જોઈને અકીદત થી ઝુકી ગયાં. ખુદ બખુદ લોકોની જબાનોથી હુસૈનિયત ઝીંદાબાદ તથા નારએ હૈદરી, યા સૈયદી, યા અબ્બાસ, યા અબુલ ફઝલીલ અબ્બાસ જેવા નારાઓ નીકળવા લાગ્યા ૩ થી ૪ મિનિટનું દશ્ય જોઈ લોકો પોતાની જાતને ધન્ય માનવા લાગ્યા. લોકોનો એટલો બધો હજુમ એકઠો થઈ ગયો કે મેનેજમેન્ટ કમિટિને વ્યવસ્થા સંભાળવાનું મુશ્કેલ થઈ પડ્યું કારણ કે લોકો રોઝએ હઝરત અબ્બાસ (અ.સ.) માં ઝીયારત કરવા દાખલ થવા માટે પડાપડી કરી રહ્યા હતા. કેટલાય ખુશકિસ્મત લોકોએ રોઝા મુબારકની અંદર તથા બહારના મિનારાઓ ઉપર રોશની (દિવ્ય પ્રકાશ) ચમકતી જોઈ તેમજ રોઝાની અંદર મનને તર કરી નાખે તેવી ખુશ્બુ ફેલાઈ હતી. જોગાનું જોગ જુલુસનું કેટલાય લોકો વિડિયો રેકોર્ડિંગ તથા મોબાઈલથી ફોટા લઈ રહ્યા હતા. મોઅજીઝાની શોહરત લોકોનો હજુમ અને અકીદતથી ઝુકેલા સરો દિલથી નીકળતા નારાઓ સાંભળી રેકોર્ડિંગ કરતા બિરાદરોને એ અમૂલ્ય ક્ષણોને કેમેરામાં કંડારવાની તક મળી ગઈ ૭ વાગ્યાને ને ૫ મિનિટથી ૭ વાગ્યાને ૧૫ મિનિટનું પુરૂ દશ્ય કેમેરામાં કંડારી લેવામાં આવ્યું. ૭ વાગ્યાથી લઈ ૮ ને ૧૫ મિનિટ સુધી લોકોની ભીડ રોઝએ હઝરત અબ્બાસ (અ.સ.) થી હટવાનું નામ લેતી ન હતી. લોકો જાણે મોઅજીઝો જોઈ પોતાની વર્ષોની અકીદતની પ્યાસ બુઝાવી રહ્યા હતા. એ સમયમાં લોકો ખાવા પીવાનું પણ ભુલી ગયા હતા. પ્રોગ્રામમાં હાઝરી આપનાર લોકો પોતાને ધન્ય માનવા લાગ્યાં .

બિસ્મિલ્લાહિર્ રહમાનિર રહીમ.

રોવેય અન ફાતેમતઝ ઝહરાએ સલામુલ્લાહે અલૈહા અન્નહા કાલત દખલ અલય્ય અબી રસૂલુલ્લાહે સલ્લલ્લાહો અલય્હે વ આલેહી, ફી બાઅઝિલ અય્યામ.

વ કાલ લી યા ફાતેમતો ઈન્ની લઅજેદો ફી બદની ઝોઅફન. ફકુલ્તો લહૂ ઓઈઝોબેક બિલ્લાહે યા અબતે મેનઝ ઝોઅફ. ફ કાલ લી યા ફાતેમતો ઈતીની બિલ કિસાલઈ યમાની વ ગત્તીની બેહ.

કાલત ફાતેમતો સલામુલ્લાહે અલૈહા ફ અતય્તોહૂ બિલ કિસાએ વ ગત્તય્તોહુ બેહિ. ફ સિર્તો અન્ઝારો એલય્હે વ એઝવ વજ્હોહુ યતલઅ લઓ નૂરન કઅન્નહૂલ કમરો ફી લય્લતે તમામેહી વ કમાલેહી.

કાલત ફાતેમતો સલામુલ્લાહે અલૈહા ફ મા કાનત ઈલ્લા સાઅતવ વ એઝા બે વલદેયલ હસને કદ અકબલ વ કાલઅસ્સલામો અલય્ક યા ઉમ્માહો.

ફ કુલ્તો વ અલય્કસ્સલામો યા વલદી વ યા કુર્રત અય્ની. ફ કાલ યા ઉમ્માહો ઈન્ની અશુમ્મો ઈન્દકે રાએહતન તય્યેબતન કઅન્નહા રાએહતો જદ્દી રસૂલિલ્લાહે સલ્લલ્લાહો અલય્હે વ આલેહી.

કુલ્તો નઅમ ઈન્ન જદ્દક નાએમુન તહતલ કેસાએ. ફ અકબલલ હસનો નહવલ કેસાએ વ કાલઅસ્સલામો અલૈક યા જદ્દાહો. અસ્સલામો અલય્ક યા રસૂલલ્લાહે અતઅઝનોલી અન અદખોલ મઅક તહત હાઝલ કેસાએ.

કાલ વ અલય્કસ્સલામ યા વલદી કદ અઝિન્તો લક. ફદખલલ હસનો અલયહિસ્સલામો મઅહૂ તહતલ કેસાએ.

કાલત ફાતેમતો સલામુલ્લાહે અલૈહા ફ મા કાનત ઈલ્લા સાઅતંવ વ એઝા બે વલદેયલ હુસૈન(અ.સ.), કદ અકબલ વ કાલઅસ્સલામો અલય્ક યા ઉમ્માહો.

ફ કુલ્તો વ અલય્કસ્સલામો યા કુર્રત અય્ની વ સમરતો ફોવાદી. ફ કાલ યા ઉમ્માહો ઈન્ની અશુમ્મો ઈન્દકે રાએહતન તય્યેબતન કઅન્નહા રાએહતો જદ્દી રસૂલિલ્લાહે સલ્લલ્લાહો અલય્હે વ આલેહી.

કુલ્તો નઅમ યા બોનય્ય ઈન્ન જદ્દક વ અખાક તહતલ કેસાએ. ફ અકબલલ હુસૈનો અલયહિસ્સલામો નહવલ કેસાએ વ કાલ અસ્સલામો અલય્ક યા જદ્દાહો અસ્સલામો અલૈક યા રસૂલલ્લાહે અતઅઝનોલી અન અદખોલ મઅક તહત હાઝલ કેસાએ.

કાલ વ અલય્કસ્સલામ યા વલદી કદ અઝિન્તો લક. ફ દખલલ હુસૈનો અલયહિસ્સલામો મઅહૂ તહતલ કેસાએ.

ફમાકાનત ઈલ્લા સાઅતંવ વ એઝા બે અબિલ હસ્નેને અલી ઈબ્ને અબીતાલેબીન અલયહિસ્સલામ કદ અકબલ ફકાલ અસ્સલામો અલૈક યા બિન્તે રસુલિલ્લાહે, ફ કુલ્તો વ અલય્કસ સલામો યબ્ન અમ્મે રસૂલિલ્લાહ.

ફ કાલ યા ફાતેમતો ઈન્ની અશુમ્મો ઈન્દકે રાએહતન તય્યેબતન કઅન્નહા રાએહતો અખી વબ્ન અમ્મી રસુલિલ્લાહે કુલ્તો નઅમ હાહોવ મઅ વલદય્ક તહતલ કેસાએ.

ફ અકબલ અલીયુન અલયહિસ્સલામો નહવલ કેસાએ વ કાલસ્સલામો અલય્ક યા રસૂલલ્લાહ. અસ્સલામો અલય્ક યા મનિપ્નારહુલ્લાહ. અતઅઝનોલી અન અદખોલ મઅકુમ તહત હાઝલ કેસાએ.

ફકાલ સલ્લાહો અલૈહે વ આલેહી વસલ્લમ વ અલૈકસ્સલામ યા વલીયલ્લાહ યા અલીય્યો કદ અઝિન્તો લક, ફદખલ અલીયુન અલૈહિસ્સલામો મઅહુમ તહતલ કેસાએ.

સુમ્મ અકબલત ફાતેમતો સલામુલ્લાહે અલૈહા નહવલ કેસાએ વ કાલત અસ્સલામો અલય્ક યા અબતાહો અસ્સલામો અલૈક યા રસૂલલ્લાહ અતઅઝનોલી અન અદખોલ મઅકુમ તહત હાઝલ કેસાએ.

ફ કાલ વ અલૈકિસ્સલામો બિઝઅતી વ યા કુર્રત અયની, યા ફાતેમતો કદ અઝિન્તો લકે ફ દખલત ફાતેમતો મઅહુમ તહતલ કેસાએ.

ફ લમ્મક તમલૂ જમીઅન તહતલ કેસાએ કાલલ્લાહો તઆલા યા મલાએકતી! વ સુક્કાન સમાવાતી વ ઈઝ્ઝતી વ જલાલી ઈન્ની મા ખલકતો સમાઅન મબ્નીય્યતંવ વ લા અરઝન મદ્દહિય્યતંવ વલા કમરમ્મોનીરા, વલા શમ્સમ મોઝીઅતંવ વલા ફલકંય્યદુરો વ લા બહરંય્યજરી, વલા ફુલકંય્યસ્રી ઈલ્લા ફી મોહબ્બતે હોઆલાઈલ ખમ્સતિલ લઝીનહુમ તહતલ કેસાએ.

ફ કાલ જીબ્રઈલો અલયહિસ્સલામો યા રબ્બે વ મન તહતલ કેસાએ? કાલલ્લાહો તઆલા અહલોબયતિન નોબુવ્વતે વ મઅદ નિર્રેસાલતે હુમ ફાતેમતો વ અબૂહા વ બઅલોહા વ બનૂહા.

ફ કાલ જિબ્રઈલો યા રબ્બે અતઅઝનોલી અન અહબેત એલલ અરઝે લે અકુન મઅહુમ સાદેસા. કાલલ્લાહો તઆલા નઅમ કદ અઝિન્તો લક.

ફ હબેતલ અમીનો જિબ્રઈલો વ અકબલ નહવલ કેસાએ વકાલઅસ્સલામો અલય્ક યા રસૂલિલ્લાહ. અસ્સલામો અલય્ક યા મનિપ્નારહુલ્લાહ. ઈન્નલ્લાહ અઝ્ઝ

વ જલ્લ યકરઓકસ્સલામો વ યખુસ્સોક બિત્તહિય્યતે વલ ઈકરામ.

વ યકૂલો લક વ ઈઝ્ઝતી વ જલાલી ઈન્ની મા ખલકતો સમાઅમ્મબ્નીયતંવ વલા અરઝમ મદહિયતંવ વલા કમરમ મોનીરંવ વલા શમ્સમ્મોઝીઅતંવ વલા ફલકંય્યદુરો વ લા બહરંય્યજરી વ લા ફુલકંય્યસ્રી, ઈલ્લા લે અજલેકુમ વ મોહબ્બતેકુમ.

વકદ અઝેનલી અન અદખોલ મઅકુમ તહત હાઝત કેસાએ, ફ હલ તઅઝનોલી અન્ત યા રસુલલ્લાહ.

કાલ નઅમ કદ અઝિન્તો લક. ફદખલ જીબ્રઈલો મઅહુમ તહતલ કેસાએ વકાલ લહુમ ઈન્નલ્લાહ અઝ્ઝ વ જલ્લ કદ અવ્હો એલય્કુમ યકુલો 'ઈન્નમા યોરીદુલ્લાહો લેયુઝહેબ અન્કોમુર રિજ્સ અહલલ્બય્તે વ યોતહેહેરોકુમ તતહીરા. (સલવાત)

ફ કાલ અલીયુન અલયહિસ્સલામો યા રસૂલલ્લાહે! અખબિરના માલેજોલૂસેના હાઝા તહતલ કેસાએ મેનલ ફઝલે ઈન્દલ્લાહે તબારક વ તઆલા.

કાલ રસૂલુલ્લાહે સલ્લલ્લાહો અલૈહે વ આલેહી મા ઝાકેર ખબરોના હાઝા ફી મહફેલિમ મિમ મહાફેલે અહલિલ અર્ઝે વ ફીહે જમ્ઉન મિન શીઅંતેના વ મોહિબ્બીના ઈલ્લા વનઝલત અલય્હેમુર રહમતો વહફત્બેહેમુલ મલાએકતો વસ્તગ્ફેરત લહુમ એલા અંય્યતફર્રકુ.

ફકાલ અલીય્યુન એઝવ વલ્લાહે ફુઝના વ ફાઝત શીઅતોના વ રબ્બિલ કઅબહ. ફકાલ રસૂલલ્લાહે યા અલિય્યો વલ્લાઝી બઅસની બિલ્હક્કે નબિય્યા વસ્તફાની બિર્રેસાલતે નજિય્યા, મા ઝાકેર ખબરોના હાઝા ફી મહફેલિન મિન મહાફેલે અહલિલ અર્ઝે વ ફીહે જમ્ઉન મિન શીઅતેના વ મોહિબ્બીના વ ફી હિમ મહમૂમુન, ઈલ્લા વ ફર્રજલ્લાહો હમ્મહૂ વલા મગમૂમુન ઈલ્લા વકશફલ્લાહો ગમ્મહૂ, વલા તાલેબો હાજતિન ઈલ્લા વ કઝયલ્લાહો હાજતહૂ.

ફ કાલ અલિય્યન (અ.) એઝવ વલ્લાહે ફુઝના વ સોઈદના વ કઝાલેક શીઅતોના ફાઝૂ વ સોએદૂ ફિદદુન્યા વલ આખેરહ.

અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદ વ આલેહિત તાહેરીન વર્રહમ્ના બે રહમતેક યા અર્રહમર રાહેમીન.
(અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદ વ આલે મોહમ્મદ)

કિતાબે મુન્તખીબ અને અમાલી ઈલ્મે બાબવીયાહ અલયહી રહમા અને મક્તબે અબુમિખનફમાં લખેલું છે કે જ્યારે ઝુલઝનાહ પોતાનાં પેશાની ઈમામના ખુનમાં રંગીન કરી ખયમાના દરવાજા ઉપર આવ્યો તે એવી બેચૈનીથી રોતો હતો કે જાણે કોઈના મૌતની ખબર સંભળાવે છે. તે ઘોડો રસુલેખુદાના ઘોડાઓ માંથી હતો. અને તે હજરત પોતાના જીગરના ટુકડા ઈ. હુસૈન અ.સ. ને ઈનાયત ફરમાવ્યો હતો. તેથી જનાબે ઝયનબ અ. ને તે ઘોડાથી બહુજ મોહબ્બત હતી. બસ તેની ગમગીન અવાજને સાંભળી ખબર પડી કે આ ઝુલઝનાહ બોલે છે. તો તે મોઅઝમાએ સકીના બીન્તુલહુસૈન અ.સ. ને અવાજ આપીને ફરમાવ્યુ કે અય નુરેનજર તમારા બાબાનો ઘોડો ખયમાના દરવાજા પર બોલી રહ્યો છે. અજબ નથી કે હરમના પ્યાસાઓ માટે હજરતે પાણી મોકલ્યુ હોય બસ અય આંખોના નુર જલ્દી આવો અને જુઓ. અય સકીના ઘણીજ પ્યાસના કારણે અમારા જીગર બળી ગયાં છે. તે કલામને સાંભળતાં જ તે સીતમ રસીદા દીકરી બહુજ જલ્દીથી ખયમાના દરવાજા પર આવી તો જોયુ કે ઝુલજનાહની પીઠ ખાલી લગામો કપાયેલી અને જીન ઉલટુ છે. અને ગમગીન રોતો રોતો અને ખુનમાં ખરડાયેલો સર ઝુકાવી રડી રહ્યો છે. અને જમીનથી ખાક લઈને પોતાના માથા ઉપર નાંખે છે. બસ તે જોઈ સકીનાએ પોતાના માથાથી ચાદર જમીન પર ફેંકી દીધી. અને બેતાબ થઈને ચીલ્લાવી કે અય ફુફી જાન જલ્દી આવો, ખુદાની કસમ મારા બાબા હુસૈને મજલુમ તો શહીદ થયા. અફસોસ છે કે મારા પદરે બુઝુર્ગવાર કે જે ફખરે કૌનેન અને ઈઝઝતે દારૈન હતો. તે કતલ થયા અને અફસોસ સદ અફસોસ કે ઝમાનો જુદો કરમથી અને મુરવ્વત અને સખાવતથી ખાલી ખાલી થઈ ગયો. અને અય ફુફીજાન મને યકીન છે કે મારા બાબાજાન જરૂર કત્લ થયા. કારણકે ઝમીનથી આસમાન સુધી ગર્દો ગુબાર નો પડદો દેખાય છે. અને તમામ આલમ તીરો તારીક અને આફતાબનો ગોળો નુર વગરનો નજરે આવે છે. બસ જનાબે ઝયનબ અ.સ. ખયમાથી બાહેર નીકળી અને બધા બચ્ચા અને બીબીયો પણ તેમના સાથે નીકળી પડ્યાં. અને જોયુ તો ખરેખર હઝરતનો ઘોડો ખયમાની દેવડી પર પોતાના સવારની શહાદતની ખબર આપે છે. બસ તે ઘોડાની એવી હાલત જોતાજ ઝેહરાની બેટીઓ ગશ ખાઈ ઝમીન પર પડી ગઈ અને જનાબે ઉમ્મે કુલસુમે પોતાના બન્ને હાથ તે ઘોડાના ગળામાં નાખી દીધા અને કહેવા લાગી કે અય રસુલે ખુદાના ઘોડા અમારા સરદાર અને અમારા માજાયા હુસૈન અ.સ.ને ક્યાં છોડી આવ્યો. અય ઘોડા તુ

મારા ભાઈ અને મારા વારિસ અને કૌનેન ના સરદાર ને ક્યાં ખોઈને આવ્યો તે વખતે સકીના દુખ્તરેશાહે મદીના ઘોડાના કદમોથી લીપટી તડપી રહી હતી અને નૌહા અને બુકા કરતી હતી કે અય બાબા અફસોસ છે કે આપના બાદ અમારો કોઈ વારિસ અને સરપરસ્ત ન રહ્યું અય બાબા હવે કોણ એવું છે કે જે બીબીયો અને અમો યતીમોની હિમાયત કરશે. અને ઝીમેદારી લેશે. અય બાબા આપના બાદ કોણ એવુ છે કે આ શકીઓના ઝુલ્મી હાથોથી અમો બે વારિસો ને બચાવે.....

અલા લાઅનતુલ્લા હે અલલ કૌમીઝ ઝાલેમીન.......

## ગમે હુસૈન-૨

ઈમામે હુસૈન અ.સ. મે ઈસ્લામના માટે કોઈ ચીજો વહાલી ન કરી. જાન, માલ, ઔલાદ બધુએ રાહે ખુદામાં કુરબાન કરી દીધુ અને તે મલાઈનોને જહન્નમથી બચાવવા માટે બહુજ કોશીશ કરી પણ તે અશકીયા કોઈપણ રીતે પોતાના જુલ્મો સીતમથી બાઝ ન આવ્યા. બલ્કે એવી એવી તકલીફો પહોંચાડી કે હયવાનોને પણ રોવુ આવી ગયુ રિવાયત છે કે રોઝે આશુરા જે વખતે ઈ. હુસૈન અ.સ. કરબલાના મારકામાં કારી જખ્મોથી બહુ ઝખ્મી થયા અને આપનું બદને અકદસ બહુજ કમજોર થયુ તે વખતે આપે ચાહ્યુ કે ઝુલજનાહ પરથી જમીન પર ઉતરે ''વા હસરતા'' આપમાં ઉતરવાની તાકાત ન હતી. આપ ડગમગાવા લાગ્યા તે વખતે હઝરતનો ઘોડો દુલદુલ સમજી ગયો કે આકા મારી પીઠથી ઉતરવા ચાહે છે. તે વખતે તે ઘોડો જમીન ઉપર બેસી ગયો કે જેથી આપ આસાનીથી ઉતરી શકે આકા હુસૈને ફરમાવ્યુ કે અય મારા વફાદાર ઘોડા તુ પણ ભુખ્યો અને પ્યાસો છે અને થાકીને જઈફ થઈ ગયો છે. હવે આજના દહાડે અને દુશ્મનોની ઈજાથી રીહાઈ પામીશું તે પછી મજલુમે કરબલા જમીન ઉપર બેસી ગયા તે વખતે દુલદુલે આકાના કદમો ઉપર સર રાખી ઝારઝાર રોવા લાગ્યો. રાવી લખે છે કે તે વખતે ઈમામ હુસૈન અ.સ. ઝુલઝનાને ફરમાવતા હતા કે અય મારા અશ્કે બુરાક દુલદુલ તું સાબીરનો મરકબ છે. તુ પણ રાહે ખુદામાં આના પર સબર કર અને આટલો ન રો. તો ઝુલઝના અરજ કરી કે અય મારા મૌલા મને એક વાત યાદ આવે છે તે માટે રોવું છું. આપે ફરમાવ્યુ કે તે શું માંઝરો છે? અય દુલદુલ બયાન કર. તો ઝુલઝનાહ બયાન કરવા લાગ્યો કે અય આકા આપ જ્યારે નાના હતા તે વખતે આપના જદ્દે બુઝુર્ગવાર અહમદે મુખ્તાર આપને ગોદમાં લઈને અમો કેટલાક ઘોડા ઉભા હતા ત્યાં તશરીફ લાવ્યા, અય મૌલા આપે તે વખતે મને પસંદ કર્યો હતો. તે વખતે હું